
₹ ૨૦/-



## યોગમાં માનવસંબંધો

# પ્રભુ અર્પણ

મે - ૨૦૨૧

(શ્રી અરવિન્દ અને શ્રી માતાજીની શબ્દસુધા)

## Matter shall reveal the Spirit's face

*Sri Aurobindo*

✼

પૃથ્વીનું ભાવિ ચેતનાના પરિવર્તન ઉપર આધાર રાખે છે. ભવિષ્યની ફક્ત એક જ આશા છે, તે છે માનવની ચેતનાનું પરિવર્તન અને આ પરિવર્તન અવશ્ય બની આવશે જ.

પરંતુ તેઓ આ પરિવર્તન માટે સહકાર આપશે કે કેમ તે નક્કી કરવાનું માનવો ઉપર છોડવામાં આવ્યું છે, નહિ તો તે કટોકટીપૂર્ણ પરિસ્થિતિઓના સામર્થ્ય દ્વારા તેમના પર લાદવું પડશે. તો જાગો, અને સહકાર આપો.

શ્રી માતાજી

આ વિશ્વ અનંત અને શાશ્વત અખિલ સત્‌તાનું વ્યક્ત સ્વરૂપ છે. સર્વ વ્યક્ત રૂપોમાં ઈશ્વર વસી રહ્યો છે. આપણે પોતે પણ આપણા અંતરતમ સ્વરૂપમાં ઈશ્વર જ છીએ. આપણો આત્મા, આપણી અંદર નિવાસ કરતી નિગૂઢ ચૈત્ય વ્યક્તિતા એ બ્રહ્મ ચેતના અને બ્રહ્મ તત્ત્વનો જ અંશ છે.

શ્રી અરવિન્દ

# પ્રભુ અર્પણ

(આધ્યાત્મિક વિકાસ, એ જ આપણા પૃથ્વી પરના જીવનનો ખરો હેતુ છે.)

## શ્રી અરવિન્દ સોસાયટી, વડોદરા.

મે – ૨૦૨૧ વર્ષ : ૦૬ અંક : ૫

# આધાર – માત્ર પ્રભુનો

પ્રભુ સિવાય બીજે કોઈ ઠેકાણેથી આધાર ન ખોળશો. પ્રભુ સિવાય બીજે કોઈ સ્થળેથી આસાયેશની ખેવના ન રાખશો. તમારી જરૂરિયાતો પ્રભુ સિવાય બીજું કોઈ સંતુષ્ટ કરે તેવી ખેવના ન રાખશો – ક્યારેય પણ, કોઈ પણ વસ્તુ માટે એમ ન કરશો. કેવળ પ્રભુ જ સર્વ નિર્બળતાઓનો ભાર વહન કરી શકે એમ છે અને તેમને સુધારી શકે છે. હંમેશાં, સર્વ વસ્તુઓમાં, કેવળ પ્રભુ જ તમને તમારી જરૂરની વસ્તુ આપી શકે છે અને જો તમે એમના સિવાય બીજી કોઈ વ્યક્તિ પાસેથી કોઈ પણ પ્રકારનો સંતોષ અથવા આધાર અથવા સહાય અથવા સુખ અથવા... પ્રભુ જાણે, કોઈ પણ વસ્તુ ખોળવા પ્રયત્ન કરશો, તો હંમેશાં એક દિવસ ઊંધે માથે પટકાશો અને એ તો દુઃખદ વસ્તુ હોય છે, કેટલીક વાર એ ખૂબ પીડા ઉત્પન્ન કરે છે.

(શ્રી માતૃવાણી ગ્રંથ-૫-પૃષ્ઠ-૬૫-૬૬)

# અનુક્રમ


## યોગમાં માનવસંબંધો


| | |
|---|---|
| માનવસંબંધોની કક્ષાઓ | ૦૭ |
| આપણો  શ્રેષ્ઠ મિત્ર | ૧૧ |
| માનવીય પ્રેમ : અવિશ્વસનીય | ૧૬ |
| વિસંવાદિતાનું મૂળ | ૨૦ |
| વેદના – એક ઉચ્ચાલન | ૨૪ |
| બધા સંબંધોનો આધાર – આધ્યાત્મિક આત્મીયતા | ૨૫ |


***

**તંત્રી નોંધઃ** માનવઅસ્તિત્વના ખૂબ જ પડકારરૂપ પ્રદેશોમાંનો એક જે પ્રદેશ છે તે છે વિશ્વ સાથેના આપણા સંબંધો. ખાસ કરીને માનવસંબંધો. પ્રભુને પ્રેમ કરવો એ સહેલું છે; પરંતુ માનવને પ્રેમ કરવો એ વધુમાં વધુ મુશ્કેલ છે. નજદીકી સંબંધો વધુ મોટા પડકારરૂપ હોય છે. માનવપ્રકૃતિ વિશેની યોગિક સમજ મુજબ માનવસંબંધોની વિધવિધ બાજુઓ વિશેનાં લખાણો આ અંકમાં સમાવવામાં આવ્યાં છે.

***



શ્રી અરવિન્દ

# માનવસંબંધોની કક્ષાઓ

આપણે જે પ્રકારના છીએ એ પ્રકારની નજીક આપણને લઈ જનારાં કારણોનું આપણે જો ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરીએ તો આપણને એ સમજાય છે કે એ બધા સંપર્કો આપણા સ્વરૂપના ઊંડાણમાં અનેક કક્ષાએ તથા આપણી સભાન પ્રવૃત્તિઓની વિશિષ્ટ ઢબ અનુસાર પ્રસ્થાપિત થતા હોય છે.

આપણી પ્રવૃત્તિઓની મુખ્ય ચાર ઢબ અનુસાર આપણા સંબંધોને મુખ્ય ચાર વિભાગમાં આપણે વહેંચી શકીએ છીએ, શારીરિક, પ્રાણમય, ચૈતસિક અને મનોમય. આપણી પ્રવૃત્તિઓની ગુણવત્તા તેમ જ એની અભિવ્યક્તિના પ્રકાર અનુસાર, એ સંબંધો આ ચારમાંના એક તથા એકથી વધુ વિભાગોમાં એકી સાથે અથવા તો એક પછી એક, ક્રમાનુસાર પોતાની છાપ છોડતા હોય છે.

શારીરિક સંપર્ક ફરજિયાત છે, કારણ કે આપણું શારીરિક સ્વરૂપ છે અને આ સંપર્કો એવા લોકો સાથે અનિવાર્યપણે થતા રહે છે, જે લોકોએ આપણને આ શરીર પ્રાપ્ત કરાવી આપ્યું છે. અને એવા લોકો સાથે, જે લોકો આપણને શરીર પ્રાપ્ત કરાવી આપનાર લોકો પર ભૌતિક રીતે નિર્ભર છે. આ છે લોહીના સંબંધો. બીજા એવા પણ સંબંધો છે, જે છે સાંનિધ્યના તેમ જ આપણા ઘરોની આસપાસના, પડોશના, વાહનવ્યવહારના સાધનોમાંના અને મહોલ્લામાંના.

પ્રાણમય સંબંધો ઉત્પન્ન થાય છે એકસમાન આવેગો અને કામનાઓ વચ્ચે; જે આવેગો અને કામનાઓ એકબીજાને પૂરક બની રહે એ પ્રકારનાં હોય, એકબીજાને જે ઉન્નત કરે, એકબીજાની માત્રા વધારી આપે એવી જેનામાં શક્યતા હોય એવા આવેગો અને કામનાઓ વચ્ચે પણ આ પ્રાણમય સંબંધો ઉત્પન્ન થતા હોય છે. ચૈતસિક સંબંધો પ્રસ્થાપિત થાય છે એકસમાન, એક બિંદુ તરફ કેન્દ્રિત થતી આધ્યાત્મિક અભીપ્સાઓ વચ્ચે. એકસમાન અથવા એકબીજાની પૂરક એવી મનોમય ક્ષમતાઓ કે આકર્ષણો વચ્ચે મનોમય સંબંધો સ્થાપિત થતા હોય છે.

સામાન્ય રીતે, આમાંના એક વિભાગનું પ્રાબલ્ય સ્પષ્ટપણે પ્રસ્થાપિત ન થયું હોય — અને આ પ્રકારનું પ્રાબલ્ય ત્યારે જ પ્રસ્થાપિત થતું હોય છે જ્યારે એ એક વિભાગનું એનાં ઊંડાણમાં અને એની જટિલતામાં ગઠન કરી શકવા માટેની સુવ્યવસ્થા આપણા સ્વરૂપમાં સ્થપાયેલી હોય — ત્યાં સુધી આપણે એવા લોકોને ભૌતિક રીતે મદદરૂપ થવું જોઈએ, જે લોકો શારીરિક કારણોસર આપણી નજીક છે.

અમુક અપવાદ સિવાય, આપણા કુટુંબના સભ્યોને તથા જેઓને આપણે મહોલ્લામાં, ટ્રેઈનમાં કે બસમાં પ્રસંગોપાત્ત મળતાં હોઈએ છીએ તે બધાંને ભૌતિક પ્રકારની મદદ કરવી જોઈએ અને માંદગી તથા મુશ્કેલીના સમયે આર્થિક સહાય પણ કરવી જોઈએ.

જે લોકો એકસમાન રસ (કળાને લગતા કે બીજા પ્રકારના) ને લઈને આપણી સાથે

જોડાયેલા છે તેઓની ભાવગ્રાહિતાને આપણે તેમની ભાવનાશક્તિને સપ્રમાણ કરી, યોગ્ય દિશામાં વાળી આપી તેમાં સુધાર લાવી આપી મદદ કરવી જોઈએ.

જે લોકો પ્રગતિ માટેની એકસમાન અભીપ્સાને લઈને આપણી સાથે સંપર્કમાં આવ્યા છે, તે લોકોને આપણે ઉદાહરણરૂપ બનીને, તેઓનું માર્ગદર્શન કરીને, અને તેમને માટે માર્ગ સરળ કરી આપીને મદદ કરી શકીએ છીએ. અને છેવટે, જે લોકો મનોમય સ્નેહાકર્ષણને લઈને આપણી નજીક આવ્યા છે, તેઓ માટે આપણી બુદ્ધિપ્રતિભાનો પ્રકાશ પાથરી, જો શક્ય હોય તો તેઓના વિચારના ક્ષેત્રને વિશાળ કરી આપી, તેમના આદર્શને પ્રજ્વળિત કરી આપવો જોઈએ.

...બહુ થોડા, વિરલ આત્માઓ આ ચારે પ્રકારે એકીસાથે આપણી ખૂબ નજીક હોય છે. આ લોકો છે આપણા ગાઢ મિત્રો, સાચા મિત્રો. અને એ લોકો પર આપણી પ્રવૃત્તિઓની એકદમ સંપૂર્ણ, એકદમ મદદરૂપ અને ઘણી લાભકારક અસર થતી હોય છે.

આપણે એ કદાપિ ભૂલવું ન જોઈએ કે બે માનવી જિંદગીઓ વચ્ચેના સંપર્કનો સમયગાળો એ બે જીવનોને જોડતી લાગણીઓ તે બંનેના સ્વરૂપની કેટલી અવસ્થાઓમાં અને કેટલા ઊંડાણમાં અસર કરતી હોય છે એના ઉપર અવલંબિત છે.

માત્ર એ જ લોકો શાશ્વતકાળ માટે જોડાયેલા રહી શકે છે, જેઓ પોતાની અંદર તેમ જ સર્વ વસ્તુઓમાં રહેલ શાશ્વત સત્ત્વ સાથે એકત્વ કેળવી શકે છે.

માત્ર એ જ લોકો સદાને માટે મિત્ર બની રહે છે, જેઓ સદાને માટે, આ લોકમાં કે બીજા લોકોમાં નજીકના કે દૂરના મિત્ર બની રહ્યા હોય છે.

અને આવા મિત્રો આપણને પ્રાપ્ત થાય કે ના થાય એનો આધાર, આપણા સ્વરૂપના અજાણ્યા ઊંડાણોમાં, આપણા અંતરમાં આપણે સૌ પ્રથમ એ મિલનની અનુભૂતિ કરીએ એના પર રહેલો છે.

અને, જ્યારે આ મુલાકાત થાય છે ત્યારે આપણું સમગ્ર વલણ રૂપાંતરિત થઈ જાય છે.

આપણે જ્યારે આપણી અંદર રહેલી ઈશ્વરીય શક્તિ સાથે એકત્વ પામીએ છીએ ત્યારે આપણે સૌની સાથે ગહન એકતાની અનુભૂતિ કરીએ છીએ. અને એ દૈવીશક્તિ દ્વારા અને એના માધ્યમ દ્વારા જ આપણે સર્વ સ્વરૂપો સાથે સંપર્ક કેળવવાનો છે. આમ થયા પછી સર્વ આકર્ષણો અને અપાકર્ષણો, બધી પસંદગીઓ અને અણગમાઓથી મુક્ત થઈ આપણે એવી સર્વ વસ્તુઓની નજીક હોઈએ છીએ જે વસ્તુઓ એ ઈશ્વરીય શક્તિની નજીક હોય છે અને એવી સર્વ વસ્તુઓથી દૂર હોઈએ છીએ, જે એ શક્તિથી દૂર હોય છે.

***

પ્રેમની ગુણવત્તા તમારી ચેતનાના રૂપાંતરના પ્રમાણ ઉપર હોય છે.

*મને સમજાયું નહિ.*

આ તો બાળક પણ સમજી શકે એટલું સહેલું છે. જો તમારામાં પ્રાણીની ચેતના હશે, તો તમે પ્રાણીની માફક પ્રેમ કરતા હશો. જો તમારી ચેતના સામાન્ય માણસની હશે તો તમે

સામાન્ય માનવી જેમ પ્રેમ કરશો. તમે ઉત્તમ વ્યક્તિની ચેતના ધારણ કરતા હશો તો તમારો પ્રેમ ઉત્તમ વ્યક્તિ જેવો હશે અને જો તમે દેવની ચેતના ધારણ કરતા હશો તો તમારો પ્રેમ દેવના જેવો હશે. તે સહેલું છે! મેં આ પ્રમાણે કહ્યું છે. અને તેથી જો પ્રગતિ અને આંતરિક રૂપાંતર માટે પ્રયત્ન કરવામાં આવે. અને અભીપ્સાથી વિકાસ સાધવામાં આવે તો તમે એક ચેતનામાંથી બીજી ચેતનામાં પસાર થાઓ અને તમારી ચેતના વધારેને વધારે વિશાળ થાય અને તમે જે પ્રેમનો અનુભવ કરો છો તે પણ વધારે ને વધારે વિશાળ થતો જાય. હવે બરાબર સ્પષ્ટ થયું!

તમે શુદ્ધતમ જળ લો છો. સ્ફટિક જેવા પારદર્શક પહાડોમાંથી, તમે એક મોટા વાસણમાં તેને એકઠું કરો છો અને તમારા વાસણમાં થોડો કે વધારે કાદવ હોય, કે વધારે જથ્થામાં અને પછી તમે એમ કહી શકતા નથી કે જે પાણી નીચે આવ્યું તેનું તે જ પાણી તે છે. તેમ છતાં તે પાણી તો તે જ છે. પરંતુ તમારા પાત્રમાં રહેલી ઘણી બધી વસ્તુઓ સાથે તમે તેનું એટલું બધું મિશ્રણ કરેલું છે કે તે પાણીની સાથે હવે તેની સરખામણી પણ થઈ શકે નહીં! વારુ, પ્રેમ તેના મૂળ તત્ત્વમાં પૂરેપૂરો પવિત્ર સ્ફટિક જેવો સ્વચ્છ અને પૂર્ણ વસ્તુ છે, પરંતુ માનવચેતનામાં ઠીક ઠીક પ્રમાણમાં કાદવની સાથે તે ભેળસેળ થઈ જાય છે. એટલે જેટલા પ્રમાણમાં કાદવનો જથ્થો હોય તેટલા પ્રમાણમાં તે કાદવયુક્ત મલિન બની જાય છે.

**શ્રી માતાજી**

(CWM-Vol-2-PP 71-73, શ્રી માતૃવાણી ગ્રંથ-૬ પૃષ્ઠ ૧૦૦ ને ૧૦૧)

***

તમે જે ઘટનાની વાત કરો છો તે માનવપ્રકૃતિ માટે સામાન્ય હોય છે. માણસો એકબીજા પ્રત્યે આકર્ષાય છે, અથવા કોઈ આત્મીયતાની લાગણીથી એક વ્યક્તિ બીજી વ્યક્તિ પ્રત્યે ખેંચાય છે. તેમાં એક વ્યક્તિની પોતાની પ્રકૃતિના કોઈ ભાગ અને બીજી વ્યક્તિની પ્રકૃતિના કોઈ ભાગ વચ્ચે કોઈ સંમતિ અથવા આકર્ષણ હોય છે. શરૂઆતમાં તો આ વસ્તુની જ લાગણી અનુભવાય છે; માણસ બીજી વ્યક્તિની પ્રકૃતિમાં જે કાંઈ સારું અથવા આનંદદાયક તત્ત્વ હોય છે તે જુએ છે અને તેનામાં એવા ગુણો હોવાનો પણ દાવો કરે છે જે ખરેખર તેનામાં હોતા નથી અથવા એટલા પ્રમાણમાં હોતા નથી જેટલા તે પોતે વિચારે છે. પરંતુ જેમ જેમ વધારે પરિચય થતો જાય છે તેમ તેમ પ્રકૃતિના બીજા ભાગો વિશે એવો અનુભવ થાય છે કે તેમાં સુમેળ નથી. કદાચ વિચારોની અથવા લાગણીઓની અથવા બે અહંકારની ટક્કર શરૂ થાય છે. જો ટકાઉ સમર્થ પ્રેમ અથવા મૈત્રી હોય તો વ્યક્તિ પોતાના સંપર્કની મુશ્કેલીઓ ઉપર વિજય પ્રાપ્ત કરે છે અને એક સંવાદમય સમાધાન જાળવી રાખે છે; પરંતુ ઘણી વખતે આ પ્રમાણે હોતું નથી અને અણબનાવ એટલો બધો તીવ્ર હોય છે કે તે સુમેળના વલણથી વિરુદ્ધ કાર્ય કરે છે અથવા અહંકાર એટલો બધો ઘવાય છે કે તે પાછો પડી જાય છે. ત્યાર પછી એ પણ બિલકુલ શક્ય છે કે એક વ્યક્તિ બીજી વ્યક્તિના દોષોને અતિશય વધારીને જુએ છે અથવા તેના ઉપર એવી ખરાબ

અને નાપસંદગી ભરેલી વસ્તુઓનું આરોપણ કરે છે જે ત્યાં હોતી નથી. સમગ્ર દૃષ્ટિબિંદુ જ બદલાઈ જઈ શકે છે. શુભ ભાવના, દુષ્ટ ભાવનામાં પરિવર્તન પામે છે; તે જુદાઈ અથવા દુશ્મનાવટ અથવા દ્વેષમાં પરિણમે છે. આવી વસ્તુ કાયમ માનવજીવનમાં બન્યા જ કરે છે. તેનાથી ઊલટું પણ બને છે, પરંતુ ઓછી સહેલાઈથી – એટલે કે દુરિચ્છાને બદલે શુભેચ્છાની લાગણી, વિરોધમાંથી સંવાદ. પરંતુ વ્યક્તિ પ્રત્યેની દુરિચ્છા અથવા અશુભ ભાવના આટલા કારણસર બને છે, અંધઃપ્રેરણાયુક્ત અણગમો, ઈર્ષા, સંઘર્ષયુક્ત સ્વાર્થો વગેરેમાંથી પણ તે ઉત્પન્ન થાય છે.

માણસે બીજાઓ પ્રત્યે સ્થિરતાથી નજર કરવી જોઈએ અને સદ્‌ગુણો કે દુર્ગુણો ઉપર વધારે પડતો ભાર ન રાખવો જોઈએ અથવા કોઈ પણ પ્રત્યે દુરિચ્છા અથવા ગેરસમજ અથવા અન્યાય ન રાખવો, પરંતુ એક સ્થિર મન અને દર્શનને નજર સમક્ષ રાખવું. **શ્રી અરવિન્દ**

(યોગવિશે પત્રો ભાગ-૨, પૃષ્ઠ ૩૩૬-૩૭)



All grace and glory and all divinity
Were here collected in a single form;
**(Savitri, p. 680)**

**એક સ્વરૂપમાં સર્વ ચારુતા ને મહિમા, સર્વ દિવ્યતા**
**એકઠાં હ્યાં થયાં હતાં;**
**અનુ. શ્રી પૂજાલાલ**

# આપણો શ્રેષ્ઠ મિત્ર

''આપણો શ્રેષ્ઠ મિત્ર તે છે કે જે આપણને આપણા શ્રેષ્ઠ ભાગમાં ચાહે છે, અને છતાં આપણે જે છીએ તેનાથી ભિન્ન પ્રકારના બનવાનું જે આપણને કહેતો નથી.''

(માતાજીની વાણી, ત્રીજી શ્રેણી, ૧૯૬૬ની આવૃત્તિ પૃષ્ઠ ૬૬)

આનો અર્થ સમજાવવાનું મને કહેવામાં આવ્યું છે. અનેક પ્રકારની વિરોધી વાર્તા તમને કહેવાનું મને મન થાય છે. પણ...

ગમે તેમ પણ, જ્યારે મારા મનમાં કાંઈક હતું, ત્યારે મેં આ લખ્યું હતું. પણ ઘણે ભાગે માણસ મનમાં શું હતું તે એ ભૂલી જાય છે. માણસ પોતાના મિત્રોને અને આસપાસના માણસોને તેઓ જેવા છે તેનાથી ભિન્ન પ્રકારના બનવાનું કહેતો હોય છે. માણસ પોતાને માટે એક આદર્શનું નિર્માણ કરે છે અને દરેક જણને તે આદર્શ લાગુ પાડે છે. પણ... આ મને ટોલસ્ટોયના પુત્રની યાદ દેવડાવે છે, જેને હું જાપાનમાં મળી હતી. માનવોમાં એકતા લાવવા માટે તે જગતની યાત્રાએ નીકળ્યો હતો. તેનો ઈરાદો સુંદર હતો. પણ તે સિદ્ધ કરવા માટેની તેની રીતરસમો ઓછી સુખકારક હતી. તે અક્ષોભ્ય ગંભીરતાથી કહેતો કે જો દરેક જણ એક જ ભાષા બોલે, જો દરેક જણ એક જ પ્રકારનો પોશાક પહેરે, એક જ પ્રકારનું ભોજન જમે, અને એક જ રીતે વર્તે, તો જરૂર માનવોમાં એકતા સ્થપાય! જ્યારે તેને એમ પૂછવામાં આવ્યું કે તે સિદ્ધ કરવા માટે તમારી શી યોજના છે? ત્યારે તેણે જવાબ આપ્યો કે પ્રત્યેક દેશમાં જઈને એક નવીન પણ વૈશ્વિક ભાષાનો ઉપદેશ આપવો, એક નવીન પણ વૈશ્વિક પોશાકનો, નવીન પણ વૈશ્વિક ટેવોનો ઉપદેશ આપવો તે બસ છે. એ કરવાનો તેનો ઈરાદો હતો!

(હસતાં હસતાં) પોતાના નાનકડા ક્ષેત્રમાં દરેક જણ તે પ્રકારનો જ માણસ હોય છે. તેને એક આદર્શ હોય છે, સત્યનો, સૌંદર્યનો, ઉદાત્તતાનો એક ખ્યાલ હોય છે. અરે, ભગવાનનો પણ; તે ખ્યાલને તે બીજાઓ પર ઠોકી બેસાડવા માગતો હોય છે. કેટલાક લોકોને ભગવાન વિશે પણ ખ્યાલ હોય છે અને તે ખ્યાલને તેઓ ભગવાન પર પણ ઠોકી બેસાડવા માગતા હોય છે, અને મરતા સુધી તેઓ નિરાશ થતા હોતા નથી! (એમ કર્યે જ રાખે છે.)

મારા મનમાં આ સ્વયંભૂ અને લગભગ અચેતન વલણ અભિપ્રેત હતું, કારણકે જો હું તમારામાંના કોઈકને કહું કે તું આ કરવા માગે છે, તો તે ખૂબ જોરપૂર્વક વિરોધ કરીને કહેશે કે ના, ના, મારા જીવનમાં હું તે કદી કરવા માગતો નથી! પણ જ્યારે માણસ બીજા લોકોને માટે ખાસ કરીને તેમની જીવનપદ્ધતિ પ્રત્યે પ્રતિકાર્યો માટે અભિપ્રાયો બાંધતા હોય છે ત્યારે તેઓ કેવા હોવા જોઈએ તે વિશે પોતે જે માને છે તેનાથી ભિન્ન પ્રકારના હોવા માટે તે તેમનો દોષ કાઢતો હોય છે. વિશ્વમાં બે વસ્તુઓ તદ્દન એક સરખી નથી, ન હોવી જોઈએ, કારણકે તે પ્રકારની એક વસ્તુ હોવાથી બીજી નિરુપયોગી છે, અનંત અનેકતાની સંવાદિતા માટે જે

અનેકતામાં બે ગતિઓ, અને બે ચેતનાઓ પણ કદી એક સરખી હોતી નથી. આ વિશ્વનું સર્જન થયું છે. જો આપણે આ વાત કદી ભૂલી ન જઈએ, તો પછી કોઈ માણસ આપણા વિચારને અપનાવે તેમ ઇચ્છવાનો અને તેની વચ્ચે પડવાનો આપણને શો અધિકાર છે? જો તમે અમુક રીતે વિચારતા હશો, તો એ વાત નિશ્ચિત છે કે બીજો માણસ તેજ પ્રકારે વિચારી શકે નહિ. જો તમે અમુક પ્રકારની વ્યક્તિ હશો, તો તે વાત તદ્દન નિશ્ચિત છે કે બીજો માણસ તેજ પ્રકારનો ન હોઈ શકે. દરેક વસ્તુને તેની યોગ્ય જગ્યાએ મૂકીને વિશ્વમાં તમારે સર્વ વિરોધી વસ્તુઓને એકત્રિત કરતાં, સંવાદમય કરતાં, સમન્વય કરતાં શીખવું જોઈએ.

સાચા મિત્ર પાસેથી જે પ્રતિકાર્યની આપણે આશા રાખીએ તેના પાયામાં આ વસ્તુ હોવી જોઈએ. મિત્રે એમ ન ઇચ્છવું જોઈએ કે મારો મિત્ર મારા જેવો જ બને! તે જેવો છે તેવો જ ઠીક છે.

વાક્યની શરૂઆતમાં મેં કહ્યું છે કે ''તે તમારા શ્રેષ્ઠ ભાગમાં તમને ચાહે છે...'' તેને વધારે વિધાયક રીતે મૂકીએ તો, તમારા મિત્રે તમને તમારી નિમ્નતમ ભૂમિકા ઉપર નીચે ઉતરી આવવામાં પ્રોત્સાહન ન આપવું જોઈએ, તેની સાથે મૂર્ખાઈભરેલા કૃત્યો કરવા અથવા તેની સાથે ખરાબ ટેવોમાં ગબડી પડવા, અથવા તમે જે ખરાબ કૃત્યો કરો છો તેને માટે તમારી પ્રશંસા કરવા પ્રોત્સાહન ન આપવું જોઈએ. એ વાત તદ્દન સ્પષ્ટ છે. પણ ઘણી ઘણી વાર એમ જ બનતું હોય છે કે પોતે જ્યારે નિમ્નતર ભૂમિકા પર સરી પડ્યો હોય ત્યારે જેની સોબતમાં તેને અસુખ ન થાય તેની સાથે જ માણસ મિત્રાચારી બાંધતો હોય છે. જે પોતાની મૂર્ખાઈઓને પ્રોત્સાહન આપતો હોય છે તેને જ માણસ પોતાનો શ્રેષ્ઠ મિત્ર માનતો હોય છે. શાળામાં જવાને બદલે ભટકવા માટે, ઉદ્યાનોમાંથી ફળો ચોરી લાવવા માટે, પોતાના શિક્ષકોની ઠેકડી ઉડાવવા માટે, તેવી અનેક વસ્તુઓ માટે માણસ બીજાઓની મિત્રાચારી કરતો હોય છે. હું કોઈ વ્યક્તિની અંગત ટીકા કરતી નથી, પણ સાચે જ દુઃખની વાત છે કે હું તે બાબત ઘણા દાખલા ટાંકી શકું તેમ છું. કદાચ તેથી મેં કહ્યું હતું કે તેઓ તમારા સાચા મિત્રો નથી. પણ તેઓ ખૂબ સગવડભરેલા મિત્રો હોય છે, કારણ કે તેમની સોબતમાં તમે ખોટું કરી રહ્યા છો એમ તેઓ તમને લાગવા દેતા નથી. તેને બદલે જો કોઈ આવીને તમને કહે કે જો રખડવાને બદલે અથવા આળસમાં સમય ગાળવાને બદલે અથવા મૂર્ખાઈભરેલાં કૃત્યો કરવાને બદલે, જો તમે વર્ગમાં આવો તો તે વધારે સારું નથી? તો મોટે ભાગે તમે જવાબ આપશો કે તું મારી સાથે માથાકૂટ ન કર, તું મારો મિત્ર નથી. કદાચ મેં આ વાક્ય લખ્યું હતું. હું ફરીવાર કહું છું કે હું કોઈની અંગત ટીકા કરતી નથી, પણ કમનસીબે આમ વારંવાર બનતું હોય છે, અને તેથી તે કહેવાની તક હું ઝડપી લઉં છું.

અહીં એવાં બાળકો છે, જે બહુ આશાસ્પદ હતાં, પોતાના વર્ગમાં પહેલો નંબર રાખતાં હતાં, જે ગંભીરતાપૂર્વક અભ્યાસ કરતાં હતાં. જેમની પાસેથી મેં મોટી આશા રાખી હતી, અને જેઓ આ પ્રકારની મૈત્રીથી તદ્દન વિનાશ પામી ગયા છે. હું આજે આ વાત કહી રહી છું એટલે

હું કહીશ કે, તેથી મને બહુ દુઃખ થયું છે; હું તેવા લોકોને મિત્રો નથી કહેતી પણ કટ્ટર શત્રુઓ કહું છું, જેમનાથી, કોઈ ભયંકર ચેપી રોગથી પોતે દૂર રહે તેમ, દૂર રહેવું જોઈએ.

ચેપી રોગવાળા માણસની સોબત આપણે કરતા નથી, કાળજીપૂર્વક તેનાથી દૂર રહીએ છીએ. સામાન્ય રીતે તેને એક ખાસ અલગ જગ્યાએ રાખવામાં આવે છે, જેથી તે ચેપી રોગ ફેલાય નહિ. પણ દુર્ગુણનો, દુરાચારનો, દુષ્ટતાનો, અસત્યનો, અધમનો ચેપ કોઈ પણ રોગના ચેપ કરતાં વધારે જોખમકારક હોય છે. તેનાથી કાળજીપૂર્વક દૂર રહેવું જોઈએ. તમને કહે કે હું તારા દુષ્કૃત્યોમાં ભાગ નહિ લઉં, જે તમને પ્રલોભનોનો સામનો કરવા માટે હિંમત આપે, તેવા માણસને તમારે તમારો શ્રેષ્ઠ મિત્ર માનવો જોઈએ. તમારે તેની સાથે સમાગમ કરવો જોઈએ, અને નહિ કે તેની સાથે જેની સાથે તમે ગમ્મત-મજાક કરો છો, અને જે તમારી દુષ્ટ વૃત્તિઓને બળવાન બનાવે છે.

હવે હું આ બાબતમાં ઝાઝું નહિ કહું. હું જેમને ઉદ્દેશીને આ કહી રહું છું તે બાળકો મારા કહેવાનો ભાવાર્થ સમજી જશે એવી હું આશા રાખું છું.

ખરેખર, તમારે તમારા કરતાં વધારે ડાહ્યા માણસોની, જેમની સોબત તમને ઉદાત્ત બનાવે તેવી હોય તેમની, જે તમને સંયમ રાખવામાં અને પ્રગતિ કરવામાં, વધારે સારી રીતે વર્તવામાં અને વધારે સ્પષ્ટ રીતે જોવામાં મદદરૂપ હોય તેવા લોકોને મિત્રો તરીકે પસંદ કરવા જોઈએ. અને છેવટે શું ભગવાન જ આપણા શ્રેષ્ઠ મિત્ર નથી? ભગવાનને આપણે બધું જ કહી શકીએ છીએ, બધી ગુપ્ત વાતો તેમની આગળ પ્રગટ કરી શકીએ છીએ. ભગવાનમાં સર્વ દયાનું, (જો પુનરાવૃત્તિ ન કરાય,[૧]). દરેક ભૂલને ભૂંસી નાંખવાની શક્તિનું ઉદ્‌ગમસ્થાન છે. સાચા સાક્ષાત્કારનો માર્ગ ખોલી નાંખવાની ભગવાનમાં શક્તિ છે. ભગવાન બધું જ સમજી શકે છે, બધા રોગોને મટાડી શકે છે, માર્ગમાં તમે ઠોકર ન ખાઓ, ગબડી ન પડો, લક્ષ્ય પ્રત્યે સીધાસટ ચાલ્યા જાઓ તે રીતે મદદ કરી શકે છે. તે સારા-માઠા દિવસોમાં સાચો મિત્ર છે. ભગવાન સમજી શકે છે, રોગ મટાડી શકે છે. જ્યારે તમને તેની જરૂર પડે, ત્યારે તે હાજર જ હોય છે.

---

૧. ૧૯૬૧માં જ્યારે આ વાર્તાલાપને પ્રસિદ્ધ કરવામાં આવ્યો ત્યારે માતાજીએ કહ્યું હતું, ''જ્યાં સુધી માણસ પોતાની ભૂલોની પુનરાવૃત્તિ કરે છે, ત્યાં સુધી કોઈ ભૂલને ભૂંસી શકાતી નથી, કારણ કે માણસ હર-ક્ષણે તે ભૂલને પુનર્જીવિત કરતો હોય છે. જ્યારે માણસ કોઈ ગંભીર કે નાની ભૂલ પોતાના જીવનમાં કરે છે, ત્યારે તેનાં પરિણામો તેને મળે જ છે. તે 'કર્મ'ને ભોગવવું જ પડે છે, ભગવાનની કૃપા પ્રત્યે માણસ વળે, તો તેમાં સર્વ પરિણામોનો નાશ કરવાની તાકાત છે. પણ તે કૃપા મેળવવા માટે દુષ્કૃત્યની પુનરાવૃત્તિ ન થવી જોઈએ, માણસે એમ ન માનવું જોઈએ કે હું બધાં દુષ્કૃત્યો કર્યા જ કરીશ, અને ભગવાનની કૃપા તે બધાંનાં પરિણામોને ભૂંસી નાંખ્યા જ કરશે. ભૂતકાળને વિશુદ્ધ બનાવી શકાય કે જેથી તે ભાવિ પર કોઈ વિપરિત અસર ના નીપજાવે. પણ તેમાં એ શરત છે કે તેણે તે ભૂતકાળને સતત ચાલુ વર્તમાનકાળ ન બનાવી મૂકવો જોઈએ. તમારામાંના દુષ્ટ આંદોલનને તમારે જ બંધ પાડી દેવું જોઈએ, તમારે તે આંદોલનની વારંવાર પુનરાવૃત્તિ ન કરવી જોઈએ.

જ્યારે તમે સાચા દિલથી તેમને બોલાવો છો, ત્યારે તમને માર્ગદર્શન આપવા માટે, ટકાવી રાખવા માટે, આવી રીતે તમને ચાહવા માટે ભગવાન હંમેશાં હાજર જ હોય છે.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૯ - પૃષ્ઠ ૫૪થી ૫૮)

***

પુરુષ અને સ્ત્રી વચ્ચે મિત્રાચારીને બદલે પુરુષ, પુરુષ વચ્ચે અથવા સ્ત્રી, સ્ત્રી વચ્ચે મિત્રાચારી હોવી સહેલી છે કારણ કે તેમાં કામવાસનાનો પ્રવેશ સામાન્ય રીતે ગેરહાજર હોય છે. પુરુષ અને સ્ત્રી વચ્ચેની મૈત્રીમાં એક સૂક્ષ્મ અથવા સીધી રીતે કામવાસનાનો વળાંક આવી શકે છે અને તેને લઈને ક્ષોભો ઉત્પન્ન થાય છે. પરંતુ આ તત્ત્વને બદલે વિશુદ્ધ હોય એવી પુરુષ અને સ્ત્રી વચ્ચેની મૈત્રી અશક્ય નથી. આવી મૈત્રી અસ્તિત્વ ધરાવી શકે છે અને કાયમ તેવી મૈત્રીનું અસ્તિત્વ પણ હોય છે. ફક્ત એટલી વસ્તુની જ જરૂર હોય છે કે પાછલા બારણેથી નિમ્ન પ્રાણ પ્રવેશી જવો ન જોઈએ. અથવા તેને પ્રવેશ ન આપવો જોઈએ. ઘણી વખત પુલ્લિંગ પ્રકૃતિ અને સ્ત્રીલિંગ પ્રકૃતિ વચ્ચે સંવાદ હોય છે, અને તેમાં રહેલું આકર્ષણ અથવા આત્મીયતા કોઈ ખુલ્લી અથવા ગુપ્ત નિમ્ન પ્રાણમય (કામવાસનાયુક્ત) પ્રકૃતિના પાયા કરતાં કોઈક જુદી જ વસ્તુ ઉપર આધાર રાખતી હોય છે. આવા પ્રસંગમાં મિત્રાચારી સ્વાભાવિક હોય છે અને તેમાં બીજા તત્ત્વોને આવીને તેને નીચે ખેંચી જવા માટે અથવા તોડી પાડવા માટે ઓછી તક હોય છે.

એમ માનવું કે ફક્ત પ્રાણમાં જ ઉષ્મા છે અને ચૈત્ય પુરુષ કોઈક ઠંડી વસ્તુ છે જેમાં કોઈ જ્યોત નથી એ પણ ભૂલ છે. એક સ્વચ્છ, નિર્મળ શુભેચ્છા ઘણી સારી અને ઇચ્છનીય વસ્તુ છે, પરંતુ ચૈતસિક પ્રેમનો તે અર્થ નથી. પ્રેમ એટલે પ્રેમ અને નહિ કે કેવળ શુભનિષ્ઠા. ચૈતસિક પ્રેમમાં એક એવી ઉષ્મા અને જ્વાળા હોય છે જે પ્રાણમય જેટલી જ અથવા તેનાથી પણ વધારે તીવ્ર હોય છે; ફક્ત તે વિશુદ્ધ અગ્નિ હોય છે અને તેનો આધાર અહંકારપૂર્ણ કામનાઓના સંતોષ ઉપર નથી અથવા તે જે લાકડાઓ ફરતો ફરી વળે છે, તેનો ગ્રાસ કરતો નથી, તે સફેદ જ્યોત હોય છે, નહિ કે લાલ; પરંતુ સફેદ ગરમી તેની ઉત્કટતામાં લાલ પ્રકારની જ્વાળા કરતાં ઊતરતી કક્ષાની નથી હોતી. એ સાચું છે કે ચૈતસિક પ્રેમ માનવસંબંધોમાં અને માનવપ્રકૃતિમાં પૂર્ણ રીતે ખીલી ઊઠતો નથી; જ્યારે તેને પરમાત્મા પ્રત્યે ઊંચે ઊઠાવવામાં આવે છે ત્યારે તેનો અગ્નિ આનંદપૂર્ણ રીતે તે પ્રાપ્ત કરે છે. માનવ સંબંધમાં ચૈતસિક પ્રેમનું બીજા તત્ત્વો સાથે મિશ્રણ થઈ જાય છે, જે તત્ત્વો તેનો ઉપયોગ કરવા માટે તાત્કાલિક તૈયાર થઈને તેની ઉપર છાયા પાથરી દે છે. તેની પૂર્ણ તીવ્રતાઓ ફક્ત વિરલ ક્ષણોમાં જ બહાર આવી શકે છે. નહિ તો પછી તે ફક્ત એક તત્ત્વ તરીકે જ આવે છે, પરંતુ તેમાં પણ ઉચ્ચતર વસ્તુઓનો ફાળો જે પ્રેમ મૂળભૂત રીતે પ્રાણમય પ્રકૃતિનો હોય છે તેના ભાગે જાય છે. બધી જ સૂક્ષ્મતા, મધુરતા, કોમળતા, વિશ્વાસ, આત્માર્પણ, સ્વાર્પણ એક આત્માનું બીજા આત્મા સાથેનું મિલન, આદર્શ રીતના ઊર્ધ્વીકરણો, જે વસ્તુઓ માનવપ્રેમને

પોતાની જાતથી ઉપર ઊંચે ઊઠાવે છે, તે બધી જ વસ્તુઓ ચૈતસિક પ્રેમમાંથી આવે છે, જો તે પ્રેમ બીજા માનવપ્રેમના મૂળભૂત તત્ત્વો, મનોમય, પ્રાણમય અને શારીરિક ઉપર શાસન ચલાવીને તેમનામાં ફેરફાર કરી શકે, તો પૃથ્વી ઉપરનો પ્રેમ કોઈક સાચી વસ્તુનું પ્રતિબિંબ અથવા તૈયારી બની શકે, અથવા આત્મા અને તેના કરણોનું એક દ્વિવિધ જીવનમાં સંપૂર્ણ ઐક્ય બની શકે. પરંતુ તેનું કોઈ અપૂર્ણ દર્શન પણ વિરલ હોય છે.

અમારો અભિપ્રાય એવો છે કે યોગમાં સામાન્ય રીતે પ્રકૃતિની સમગ્ર જ્વાળા પરમાત્મા પ્રત્યે વળવી જોઈએ અને બાકીની બધી વસ્તુઓએ સાચા પાયા માટે રાહ જોવી જોઈએ. સામાન્ય ચેતનાની રેતી અને કાદવ ઉપર ઉચ્ચતર વસ્તુઓની રચના કરવી એ સહીસલામત નથી. તેનો અર્થ અવશ્ય એવો નથી કે મિત્રાચારી અથવા સાથીદારીને બાતલ કરવી. પરંતુ આ બધી વસ્તુઓને કેન્દ્રવર્તી અગ્નિ પાસે ગૌણ ગણવી જાઈએ. તે દરમિયાન જો કોઈ વ્યક્તિ પ્રભુ સાથેના સંબંધને એકમાત્ર લક્ષ્ય બનાવે, તો તે બિલકુલ નૈસર્ગિક વસ્તુ છે અને સાધનામાં પૂર્ણ શક્તિ આપે છે. ચૈતસિક પ્રેમ પોતાની જાતને પૂર્ણ રીતે ત્યારે જ પ્રાપ્ત કરે છે જ્યારે આપણે જે વસ્તુ માટે શોધ કરીએ છીએ, તે દિવ્ય ચેતનાનો તેમાં કિરણોત્સર્ગ થાય છે; ત્યાં સુધી તેના માટે ઝાંખું પડ્યા વગરનું સંપૂર્ણ આત્મતત્ત્વ અને રૂપ બહાર લાવવું મુશ્કેલ છે.

નોંધ :- મન, પ્રાણ અને શારીરિક ભાગો અંતરાત્મા અને આત્મા માટેના યોગ્ય કરણો છે; જ્યારે તેઓ પોતાના માટે કાર્ય કરે છે ત્યારે તેઓ અવિદ્યામય અને અપૂર્ણ વસ્તુઓનું સર્જન કરે છે. જો તેમને ચૈત્ય પુરુષ તથા આત્માનાં સચેતન સ્વરૂપો બનાવી શકાય, તો તેઓ તેમની દિવ્યતર સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે. આપણે આ યોગમાં જેને રૂપાંતર કહીએ છીએ તેનો વિચાર આ વસ્તુમાં સમાવાયેલો છે.

**શ્રી અરવિન્દ**

(યોગ વિશે પત્રો - ભાગ-૨ પૃષ્ઠ ૩૩૨-૩૩૩)

*

***જગતનું સર્જન થતાં પરમાત્માએ પોતાના અંશોને પોતામાંથી અવકાશમાં વહેતા મૂકેલા. એ બધા અંશોને સર્જાયેલા જગતનો વિનાશ થવા દીધા સિવાય તેના મૂળ સ્થાનમાં લઈ આવવાના હતા. આ કાર્ય કરી શકે તેવી પરમ શક્તિ માત્ર પ્રેમમાં જ હતી. અને તેથી જગતમાં પ્રેમે પોતાનો આવિર્ભાવ કર્યો.***

***શ્રી માતાજી***

# માનવીય પ્રેમ : અવિશ્વસનીય

માનવીય પ્રેમ સ્પષ્ટ રીતે જ અવિશ્વસનીય છે કારણ કે તેનો પાયો સ્વાર્થ અને કામના ઉપર રચાયેલો હોય છે; તે અહંકારની જ્વાળા છે જે કેટલીક વખત ધૂંધળી અને ધુમ્મસવાળી હોય છે અને કેટલીક વખત સ્વચ્છ અને પ્રકાશિત રંગોવાળી હોય છે – કેટલીક વખત અંધઃપ્રેરણા અને ટેવ ઉપર રચાયેલી તામસિક હોય છે અને કેટલીક વખત રાજસિક હોય છે અને આવેગ અથવા પ્રાણમય આદાન-પ્રદાનની માગણી ઉપર તે પુષ્ટ થાય છે, કેટલીક વખત વધારે સાત્ત્વિક હોય છે અને અનાસક્ત બનવાનો પ્રયત્ન કરે છે અથવા તેની પોતાની જાતને ગણે છે. પરંતુ મૂળભૂત રીતે તેનો આધાર કોઈક વ્યક્તિગત જરૂરિયાત અથવા કોઈક આંતરિક કે બાહ્ય પ્રકારનો બદલો માગે છે; અને જ્યારે તે જરૂરિયાત સંતોષાય નહિ અથવા બદલો મળતો બંધ થઈ જાય અથવા બદલો આપવામાં ન આવે તો તે છૂટી જાય છે અથવા નાશ પામે છે અથવા એક કામચલાઉ તથા ટેવના ભૂતકાલીન અસંતોષી શેષ ભાગ તરીકે અસ્તિત્વ ટકાવી રાખે છે અથવા પોતાના સંતોષ માટે બીજી જગાએ વળી જાય છે. જેટલી વધારે તીવ્રતાવાળી તે હોય છે તેટલી વધારે ઘોંઘાટભરી, સંઘર્ષયુક્ત, ઝઘડાખોર, તથા અહંકારના બધા સંક્ષોભવાળી, સ્વાર્થયુક્ત માગણીઓવાળી હોય છે. અને કેટલીક વખતે તો તે ગુસ્સો અને ધિક્કારમાં પડી તૂટી જાય છે. એવું નથી કે આ લાગણીઓ વધારે ટકતી નથી – ભ્રમણાયુક્ત અંધઃપ્રેરણાઓ ટકે છે કારણ કે તેમને ટેવ પડેલી હોય છે – ભલે પછી માનવીઓ વચ્ચે દરેક જાતના ભેદભાવો હોય. દા.ત. કેટલીક કૌટુમ્બિક લાગણીઓ; એકબીજા વચ્ચે મતભેદો અને તકલીફો તથા ગુસ્સાના બનાવો હોવા છતાં રાજસિક લાગણીઓ કેટલીક વખત ટકી રહે છે. કારણ કે એક વ્યક્તિને બીજી વ્યક્તિની પ્રાણમય જરૂરિયાત હોય છે અને તેને લઈને એક વ્યક્તિ બીજાને વળગી રહે છે અથવા બન્નેને એકબીજાની જરૂરિયાત હોવાથી ટકી રહે છે અથવા એકબીજાથી જુદા પડે છે અને વળી પાછા ફરી એકઠા થાય છે. અને પછી ઝઘડાનું સમાધાન કરે છે અને સમાધાન પછી ફરી ઝઘડો થાય છે. સાત્ત્વિક લાગણીઓ ઘણી વખત એટલા માટે ટકે છે કે તેમાં બીજો પણ કોઈ આધાર હોય છે, જો કે તેની ઝંખના તીવ્રતા અથવા ઉજ્જવળતા કદાચ નાશ પણ પામી હોય. પરંતુ સાચી વિશ્વસનીયતા ત્યારે જ પ્રાપ્ત થાય જ્યારે માનવ લાગણીઓમાં ચૈતસિક તત્ત્વ પૂરતા પ્રમાણમાં બળવાન હોય, જે બીજી બધી લાગણીઓને રંગ લગાડે અથવા તેના ઉપર વિજય પ્રાપ્ત કરે. એટલા માટે જ માનવસંબંધોમાં મિત્રતા સૌથી વધારે ટકાઉ હોય છે. કારણ કે તેમાં પ્રાણતત્ત્વની ઓછી દખલ હોય છે અને તેમાં અહંકારની જ્વાળા હોવા છતાં તે સ્થિર અને શુદ્ધ અગ્નિ હોઈ શકે જે એક હૂંફ અને પ્રકાશ આપતો હોય. તેમ છતાં વિશ્વસનીય મિત્રાચારી કાયમ બહુ ઓછી હોય છે; ઢગલાબંધ વિશ્વાસપાત્ર પ્રેમાળ મિત્રો હોવા, નિઃસ્વાર્થી વિશ્વાસુ મિત્રો પ્રાપ્ત કરવા એ ઘટના એટલી બધી વિરલ હોય છે કે

તે વસ્તુને મૃગજળ જેવી ગણવી જોઈએ... ગમે તે રીતે માનવલાગણીઓના સ્થાનનું ગમે તે મૂલ્ય હોય છતાં, તેની મારફતે ચૈત્ય પુરુષ ઊર્મિમય અનુભૂતિઓ પ્રાપ્ત કરતો હોવાથી તેની જરૂર ત્યાં સુધી રહેલી છે કે તે સપાટી ઉપરની લાગણીઓને બદલે સાચી લાગણીઓને પસંદ કરે, અપૂર્ણતાને બદલે પૂર્ણતાને પસંદ કરે અને માનવલાગણીઓને બદલે પરમાત્મા પ્રત્યેની લાગણીઓમાં તેમનું રૂપાંતર થાય. જે રીતે ચેતનાને ઊર્ધ્વતર ભૂમિકા ઉપર ચડાણ કરવાનું છે તે પ્રમાણે હૃદયની ક્રિયાઓને પણ તે ઊર્ધ્વ ભૂમિકા સુધી ઉપર ઊઠાવવાની છે અને તેમના પાયા અને ગુણોમાં રૂપાંતર લાવવાનું છે. યોગ એટલે સમગ્ર જીવન અને ચેતનાનો પરમાત્મા ઉપરનો પાયો રચવાનું કાર્ય અને તે જ પ્રમાણે પ્રેમ અને લાગણીઓનાં મૂળ, પરમાત્મામાં હોવાં જોઈએ અને તેમનો પાયો પરમાત્મામાં એક આધ્યાત્મિક અને ચૈતસિક એકતા ઉપર રચાયેલો હોવો જોઈએ. બીજી બધી વસ્તુઓને એક બાજુએ મૂકી દઈને, પરમાત્માની શોધ કરવી અથવા કેવળ પરમાત્માની જ શોધ કરવી. એ વસ્તુ જ તે પરિવર્તન તરફનો સીધો માર્ગ છે. એટલે કે કોઈ પણ પ્રકારની આસક્તિ નહિ – તેનો અર્થ એવો નથી કે લાગણીઓનું ઘૃણામાં રૂપાંતર કરવું અથવા તો ઠંડી તટસ્થતા ધારણ કરવી.

***

એ સાચું નથી કે તમારી પ્રકૃતિ અથવા તમારા કમભાગ્યને લઈને બીજાઓ પાસેથી તમને જે સંતોષ મળવો જોઈએ તે પ્રાણનો સંતોષ મળ્યો નથી. આ બધા સંબંધો કદી પૂર્ણ અથવા કાયમી સંતોષ આપી શકતા નથી; જો તેઓ આપી શક્યા હોત તો માણસ માટે પરમાત્માની શોધ કરવાનું કોઈ કારણ રહેત નહિ. તે સામાન્ય પાર્થિવ જીવનમાં સંતોષ પામી પડ્યો રહેત. જ્યારે પરમાત્માની પ્રાપ્તિ થાય છે અને ચેતના સાચી ચેતનામાં ઊર્ધ્વીકરણ કરે છે ત્યારે જ બીજાઓ સાથેના સાચા સંબંધો બની શકે છે.

***

પ્રેમ અને મિત્રો પ્રત્યેની લાગણીનો અભાવ પરમાત્મા પ્રત્યેની નજીકતા માટે જરૂરી છે એવું નથી; તેનાથી ઊલટું, બીજાઓ સાથે એક પ્રકારની આત્મીયતા અને એકતા એક એવી દિવ્ય ચેતનાનો ભાગ છે જેમાં સાધક પરમાત્મા સાથેની ઐક્યતા અને આત્મીયતા સાથે પ્રવેશ કરે છે....

***

બીજી બાજુએ, માનવસમાજ, માનવની મિત્રતા, પ્રેમ, લાગણી, ભ્રાતૃભાવ ઘણે ભાગે – બધાં જ પ્રસંગોમાં નહિ – પ્રાણમય સંબંધો ઉપર રચાયેલા હોય છે. અને તેમના કેન્દ્રમાં અહંકાર કાર્ય કરતો હોય છે તે એટલા માટે કે પોતે પ્રેમપાત્ર બનવા માટે, બીજાના સંપર્ક દ્વારા પોતાના અહંકારને વિશાળ કરવાનો આનંદ, એકબીજાના અન્યોન્ય ભાવોનું મિલન, એક બીજાની પ્રાણમય આપ-લેથી તેમાં ઉત્પન્ન થતો ઉત્સાહ હોય છે જેને લઈને વ્યક્તિત્વ પુષ્ટ થાય છે અને સામાન્યતયા માણસો તે વસ્તુને ચાહે છે અને તે ઉપરાંત બીજી વધારે

સ્વાર્થી માગણીઓ આ મુખ્ય ગતિની સાથે ભેળસેળ થઈ જાય છે. અલબત્ત કેટલાક ઉચ્ચતર, ચૈતસિક, મનોમય, પ્રાણમય તત્ત્વો તેની અંદર આવે છે અથવા આવી શકે છે પરંતુ તે ઉત્તમ હોવા છતાં તેમાં ઘણું મિશ્રણ હોય છે. એટલા માટે જ અમુક અવસ્થાઓ કોઈ પણ કારણ માટે અથવા કારણ વગર પણ જગત અને જીવન અને માનવસમાજ તથા સંબંધો અને ભ્રાતૃભાવ (જે બીજા જેટલો જ અહંકારયુક્ત હોય છે) એ બધી જ વસ્તુઓ અણગમો ઉત્પન્ન કરે છે.

(યોગ વિશે પત્રો ભાગ - ૨ પૃષ્ઠ ૩૨૩-૩૨૪ અને પૃષ્ઠ ૩૨૫ અને ૩૨૦)

માત્ર એક જ પ્રેમ એ સાચો પ્રેમ છે - અને તે છે દિવ્ય પ્રેમ; બાકીના બધા પ્રેમ, એ દિવ્ય પ્રેમની ઊણપ, વિકૃતિઓ, તેમ જ ન્યૂનતાઓ હોય છે. ભક્તનો પોતાના પ્રભુ માટેનો પ્રેમ પણ ન્યૂન હોય છે અને મોટેભાગે એ અહંકારથી દૂષિત થયેલો હોય છે. પરંતુ વ્યક્તિ જેને પ્રેમ કરતી હોય એના જેવી જ સામાન્યતઃ બની રહેતી હોય છે એમ હોવાથી, ભક્ત જો સત્યનિષ્ઠ હોય તો, એ જેની આરાધના કરે છે, એના જેવો, પ્રભુ જેવો બનવા લાગે છે, અને એ રીતે ભક્તનો પ્રેમ પણ વધુને વધુ શુદ્ધ થતો જાય છે. જે વ્યક્તિને આપણે પ્રેમ કરતાં હોઈએ એની અંદર રહેલા ઈશ્વરની આરાધના કરવી, એવું સૂચન મોટે ભાગે નિરાકરણરૂપે કરવામાં આવતું હોય છે, પરંતુ જો વ્યક્તિનું હૃદય અને વિચારો એકદમ શુદ્ધ ન હોય તો, એ વસ્તુ એક શોચનીય પતનમાં પરિણમી શકે છે.

***

સામાજિક સંબંધોમાં એક મોટી નબળાઈ હોય છે, ઘણી મોટી નબળાઈ; અને એને લઈને વ્યક્તિ ગુસ્સે થઈ જાય છે. અને ન બોલવાની વસ્તુ એ બોલી નાખે છે....

***

ઉશ્કેરાટ, ઉગ્રતા, ગુસ્સો, આ બધી જ વસ્તુઓ, કાયમ, અપવાદ વગર, નિર્બળતાની નિશાનીઓ છે. અને જ્યારે કોઈ પોતાની વાણીમાં ઉશ્કેરાઈ જાય છે અને ખાસ કરીને જે વસ્તુ તેણે ન બોલવી જોઈએ તેવું બોલે છે, તો આ ખરેખર ભીતિયુક્ત માનસિક નબળાઈની નિશાની છે - માનસિક અને પ્રાણિક - ભીતિની. નહિ તો તમે જગતમાંનાં બધાં અપમાનો સહન કરો અને લોકો બધી શક્ય મૂર્ખાઈઓ વિશે વાત કરે; જો તમે નિર્બળ નહીં હો, તો તમે કદાચ બહારથી હસતાં નહીં હો, કારણ કે હસવું એ સારો ભાવ પેદા કરતું નથી, પરંતુ ઊંડાણમાં તમારી પોતાની અંદર, તમે હસતા હશો. તમે તેને ચાલી જવા દો છો, તે તમને સ્પર્શ કરતું નથી.... ફક્ત તમે તમારા મનમાં સ્થિર રહેવાની ટેવ પાડી હશે, જે પ્રમાણે મેં તમને સલાહ આપી છે તે મુજબ, જો તમને સત્યનું તમારી અંદર દર્શન થયું હશે, તો તમે ગમે તે વસ્તુ સાંભળી શકશો. તમારામાં એ એક આંદોલન જેવું પણ ઉત્પન્ન નહીં કરે - દરેક વસ્તુ અવિચલ અને સ્થિર રહે છે. અને આપણે હમણાં થોડા વખત પહેલાં વાત કરી તે સાક્ષી હાજર હશે, જે આ પ્રહસન ઉપર નજર રાખતો હશે, તો તે ખરેખર સ્મિત કરતો હશે.

પરંતુ જો તમે બીજી વ્યક્તિ તરફથી ફેંકાયેલાં ઉગ્રતાનાં અને ગુસ્સાના આવેગોનાં આંદોલનોને તમારા ઉપર ઝીલશો, જો તમને તેની અસર થાય, પહેલાં શરૂઆતમાં તો તેમ થાય છે.... અને પછીથી ઓચિંતાનો એક સામો પ્રત્યાઘાત પ્રગટે; અને તમે પોતે જ જો ગુસ્સે થવા લાગો, તો ખાતરી રાખજો કે તમે પણ તેના જેટલા જ દુર્બળ છો.

***

માનવસ્વરૂપોને એવી ટેવ હોય છે કે તેઓ અન્ય લોકો સાથેના સંબંધોનો આધાર ભૌતિક, પ્રાણમય અને મનોમય સંપર્કો ઉપર રાખે છે. અને એને લઈને જ એ સંબંધોમાં લગભગ વિસંવાદ અને દુઃખ હંમેશાં હોય છે. એને બદલે જો એ લોકો એમના સંબંધોનો પાયો ચેતસિક સંપર્કો (આત્મા અને આત્મા વચ્ચેના) ઉપર રાખે, તો તેઓને જણાશે કે બહારના ખળભળાટભર્યા દેખાવોની પાછળ એક ગહન તેમ જ શાશ્વત સંવાદિતા રહેલી છે, જે જીવનની સર્વ પ્રવૃત્તિઓમાં પોતાને વ્યક્ત કરી શકે તેમ છે અને ગેરવ્યવસ્થા તથા દુઃખને સ્થાને શાન્તિ અને આનંદને સ્થાપી શકે છે.

***

**પ્રશ્ન :-** શું એ સાચું છે કે આપણી અંદર ખામીઓ રહેલી હોય છે એટલે જ બીજાઓની અંદર રહેલી ખામીઓને આપણે સહી શકતા નથી? આપણે જે આઘાત અનુભવીએ છીએ એનું મૂળ ક્યાં રહેલું હોય છે?

**ઉત્તર :-** હા, સામાન્યપણે તમારી અંદર જે ખામીઓ રહેલી હોય છે તે તમને બીજાઓની અંદર ખૂબ આઘાતજનક લાગતી હોય છે.

પછીથી તમને એ સમજ પ્રાપ્ત થાય છે કે બીજાઓ એક એવો અરીસો છે, જે તમે જેવા છો તેવા તમને પ્રતિબિંબિત કરે છે.

**શ્રી માતાજી**

(CWM - Vol-16, P-297, શ્રી માતૃવાણી ગ્રંથ-૬ પૃષ્ઠ ૩૬૧-૬૨,
શ્રી માતૃવાણી ગ્રંથ-૧૦ પૃષ્ઠ ૨૭૯-૮૦, CWM - Vol 16, PP-297-98)

ॐ

# વિસંવાદિતાનું મૂળ

બીજાઓ સાથે અસમાનતાની લાગણીઓ, રાગ અને દ્વેષ, માનવપ્રાણની પ્રકૃતિમાં જડાયેલાં હોય છે. આ એટલા માટે હોય છે કે કેટલીક વ્યક્તિઓ પોતાના પ્રાણમય સ્વભાવ સાથે સંવાદમાં હોય છે જ્યારે બીજા હોતા નથી, તે ઉપરાંત જે એક વ્યક્તિ પ્રાણમય સાથે સંવાદમાં હોય છે તે જ્યારે વસ્તુઓ તેની પસંદગીઓ પ્રમાણે બનતી નથી અથવા માણસો તેની ઇચ્છા અનુસાર કાર્ય કરતા નથી અથવા તેના વિચાર પ્રમાણે તેમણે શું કરવું જોઈએ તે પ્રમાણે બનતું નથી ત્યારે તે ઘવાય છે અને નાખુશ થાય છે.

***

વારુ, મેં પહેલાં જ કહેલું છે કે ઝઘડાઓ તથા એકબીજાની નિંદા કરવી એ સાધનાનો ભાગ નથી; જે ઝઘડાઓ અને સંઘર્ષોની તમે વાત કરો છો તે બાહ્ય જગતમાં જે પ્રમાણે પ્રાણમય અહંકારનાં ઘર્ષણો હોય છે તે પ્રમાણેના જ હોય છે. દુશ્મનાવટો, તિરસ્કારો, દ્વેષો, ઝઘડાઓ વગેરેને – જે રીતે કામવાસનાના આવેગો અથવા ક્રીડાને સાધનાના ભાગો તરીકે ગણી ન શકાય, – તે પ્રમાણે જ સાધનાના ભાગો તરીકે ગણી ન શકાય. સંવાદ, શુભેચ્છા, ધીરજ સમતા વગેરે એક સાધક સાથે બીજા સાધકના સંબંધ વચ્ચેના જરૂરી આદર્શો છે. કોઈ પણ વ્યક્તિ બીજી વ્યક્તિ સાથે સંબંધ બાંધવા બંધાયેલી નથી; પરંતુ જો તે પોતે એકલી રહે તો તે સાધનાના હેતુ માટે હોઈ શકે, નહિ કે બીજા હેતુઓ માટે : ઉપરાંત તેમાં કોઈ દીર્ઘગ્રંથી કે બીજાઓ માટે તિરસ્કાર ન હોવાં જોઈએ.... જો કોઈ વ્યક્તિને એમ લાગે કે બીજાની સાથે સંબંધ રાખવાથી કોઈ પણ કારણસર અનિચ્છનીય પ્રાણમય લાગણીઓ તે પુરુષ અથવા સ્ત્રીમાં ઉત્પન્ન થાય છે તો તે પુરુષ અથવા સ્ત્રી તેવા સંબંધોમાંથી ડહાપણભરી રીતે પાછી હઠી જાય છે. જ્યાં સુધી તે આ નબળાઈ ઉપર વિજય પ્રાપ્ત ન કરે ત્યાં સુધી આ પ્રમાણે કરી શકે છે. પરંતુ બીજાને દૂર રાખવાનો આડંબર અથવા જાહેરમાં નિંદા કરવી એ જરૂરી નથી અને એવી લાગણીઓ ઉપર પણ એટલી જ રીતે વિજય પ્રાપ્ત કરવો જરૂરી છે.

**શ્રી અરવિન્દ**

(યોગ વિશે પત્રો - ભાગ-૨ પૃષ્ઠ ૩૩૭ અને પૃષ્ઠ ૩૩૯, ૩૪૦)

## પ્રાણની પ્રતિક્રિયા

બીજાઓ જે વિચારે છે, જે કહે છે, તથા જે કરે છે એનાથી વ્યથિત થવું એ હંમેશાં નબળાઈની નિશાની છે અને એ પુરવાર કરે છે કે સમગ્ર સ્વરૂપ પૂરેપૂરી રીતે ઈશ્વરાભિમુખ થયું નથી; સમગ્ર સ્વરૂપ માત્ર ઈશ્વરની જ અસર હેઠળ નથી એની એ સાબિતી છે....

અહંકાર કદાપિ એ સમજી શકતો નથી કે જુદા જુદા લોકોમાં કાર્ય કરવાની ઈશ્વરની પદ્ધતિ અલગ અલગ છે, અને એટલે જ પોતાના અહંકારયુક્ત દૃષ્ટિબિંદુથી વસ્તુઓ વિશે નિર્ણય બાંધી લેવો એ મોટી ભૂલ છે, અને એને લઈને જ ગૂંચવાડો વધતો હોય છે. આપણે મનોવિકાર તથા અસહિષ્ણુતાપૂર્વક જે કંઈ કરીએ એ દિવ્ય હોઈ શકે નહિ, કારણ કે ઈશ્વર માત્ર શાન્તિ અને સંવાદિતામાં જ કાર્ય કરે છે.

***

અમુક લોકોનો પ્રાણ હંમેશા વિસંવાદ, ક્ષુદ્ર ઝગડાઓ તેમ જ ગૂંચવાડાને આમંત્રણ આપતો રહેતો હોય છે; એવા લોકોમાં સામાન્યતઃ કોઈ એમની પાછળ પડી ગયું છે એવી ઘેલછા ઘર કરી ગઈ હોય છે અને તેઓ એમ માનતા હોય છે કે બધા જ તેમની વિરુદ્ધ છે. એ પ્રકારની માન્યતામાંથી મુક્ત થવું એ ખૂબ કઠિન છે અને એને માટે પ્રકૃતિનું ધરમૂળથી રૂપાંતર થવું જરૂરી છે.

***

લોકોનાં પ્રતિકાર્યો – ભલે ગમે તેટલા અસુખકર કેમ ન હો – થી તમે ચિંતિત થશો નહિ – પ્રાણ સર્વસ્થળે અને પ્રત્યેકની અંદર રહેલો છે અને એ અશુદ્ધિથી ભરેલો હોય છે, શારીરિક સ્વરૂપ અભાનતાથી સભર ભરેલું હોય છે. આ બે અપૂર્ણતાઓને દૂર કરવી જ રહી. એને માટે ભલેને લાંબો સમય લાગી જાય આપણે તો એના પર ધીરજપૂર્વક અને હિંમતપૂર્વક કાર્ય કર્યે જવાનું છે.

***

## ઝગડાઓ

તમારે એ કદાપિ ભૂલવું ન જોઈએ કે મને ઝગડાઓ બિલકુલ પસંદ નથી અને હંમેશાં હું એમાં બંને પક્ષે ભૂલ હોય છે એવું માનું છું.

પોતાની લાગણીઓ, ગમાઓ, અણગમાઓ અને આવેગોથી પર થઈ જવું, એ છે અહીંની શિસ્ત.

***

ઝગડો કરવો એ હંમેશા ખોટું જ છે, પોતે એની શરૂઆત ન કરી હોય તો પણ.

***

તમે જ્યારે ઝગડાની શરૂઆત કરો છો ત્યારે તમે ઈશ્વરના કાર્ય સામે યુદ્ધ જાહેર કરતા હો છો.

***

હા, આ બધા ઝગડાઓ ખેદજનક છે – એ આપણા કાર્યમાં ભયંકર હસ્તક્ષેપ કરે છે અને બધી વસ્તુઓને મુશ્કેલ બનાવી દે છે.

***

બીજાઓની ભૂલો પ્રત્યે ગુસ્સો વ્યક્ત કરતાં પહેલાં વ્યક્તિએ હંમેશા પોતાની ભૂલોનું સ્મરણ કરવું જોઈએ.

***

પોતાની ભૂલો અંગે વ્યક્તિને ખેદની લાગણી થાય - એ કદાચ, જો જરૂરી હોય તો, પોતાની એ ભૂલોને સુધારવાના પોતાના સંકલ્પને મજબૂત કરી શકે.

પરંતુ વ્યક્તિ જો બીજાઓની ગેરવર્તણૂકથી પોતે નાખુશ બની જાય તો એ વસ્તુને આધ્યાત્મિક જીવન અને ઈશ્વરની સેવાના કાર્ય સાથે કંઈ લાગતું વળગતું નથી.

## સંકુચિતતા અને એકપક્ષી વલણ

સામેની વ્યક્તિ જો તમારા વિચારો સાથે સહમત ના હોય અને એ વ્યક્તિનો અભિપ્રાય તેમ જ કાર્ય કરવાની રીત તમારા અભિપ્રાય અને તમારી કાર્ય કરવાની રીત પ્રમાણે ના હોય તો તમે એવી વ્યક્તિ સાથે સંવાદમાં રહી શકતા નથી એમાંથી જ તમારી બધી મુશ્કેલીઓ ઊભી થાય છે.

તમારે તમારી ચેતનાને વિશાળ કરવી જ જોઈએ અને એ સમજ પ્રાપ્ત કરી લેવી જોઈએ કે દરેકને એનો પોતાનો નિયમ (ધર્મ) હોય છે. વ્યક્તિગત સંકલ્પના સુખસભર સંયોગમાં એકબીજાને સમજી શકાય એવી સંવાદની ભૂમિકા પ્રાપ્ત કરી લેવી તથા બધા જ એકસમાન સંકલ્પવાળા અને એકસમાન રીતે કાર્ય કરતા થાય એ માટેનો પ્રયત્ન ન કરવો એ જરૂરી છે.

***

એક વધ્યે  જતી સંવાદિતાની સ્થાપનાના કાર્યમાં મોટું વિઘ્ન છે; સામી વ્યક્તિ ખોટી છે અને આપણે સાચા છે, એવું પુરવાર કરી આપવાની આપણી તત્પરતા.

***

માનવસ્વરૂપોમાં ખૂબ જ પ્રસરેલો કોઈ રોગ હોય તો એ છે માનસિક સંકુચિતતા. લોકો પોતાની ચેતનામાં જે હોય છે એને જ સમજી શકે છે અને એ સિવાયની બીજી કોઈ વસ્તુને સહી શકતા નથી.

એવી વ્યક્તિ, જે પોતાના જ અભિપ્રાયને વધુને વધુ મહત્ત્વ આપે છે તે વધુને વધુ સંકુચિત બનતી જાય છે.

તમારી ચેતનાને વિશાળ કરો અને બધાના સંતોષ માટે અભીપ્સા સેવો.

**શ્રી માતાજી**

(CWM-Vol, 14, P-279, Vol-17, P-239-Vol-14, P-280, 262, 263, 264, 266, 267, 268)

***

# દોષદર્શન અને ટીકા કરવાનું વલણ

જો તે વસ્તુ સહાનુભૂતિપૂર્વક અને નિષ્પક્ષપાતપણે કરવામાં આવે તો દોષોને જોવામાં અથવા નિરીક્ષણ કરવામાં કોઈ નુકસાન નથી. પરંતુ તે એવું બિનજરૂરી વલણ છે, જે ટીકા કરે છે, ભૂલો શોધે છે, બીજાઓને ધિક્કારે છે (ઘણી વખત તો તદ્દન ખોટી રીતે) જેને લઈને પોતાના માટે તથા બીજાઓ માટે ખરાબ વાતાવરણ ઉત્પન્ન કરે છે. પરંતુ શા માટે આવો કઠોર અને નિશ્ચિત તિરસ્કાર રાખવો? શું દરેક માણસમાં પોતાના દોષો નથી હોતા; તેણે શા માટે બીજાઓની ભૂલો શોધવા માટે આટલા બધા આતુર રહીને તેમનો તિરસ્કાર કરવો જોઈએ? કેટલીક વખત માણસે નિર્ણય બાંધવો પડે છે પરંતુ તે નિર્ણય ઉતાવળમાં અથવા દોષદર્શનના ભાવથી ન બાંધવો જોઈએ.

***

માણસો બીજાઓના કામમાં ઝીણવટપૂર્વક ટીકા કરીને તેમને કઈ વસ્તુ કરવી અથવા કઈ ન કરવી તે કહેવું વધારે સારી રીતે જાણે છે. પરંતુ પોતાની અંદર રહેલી તે જ ક્ષતિઓને કુશળતાપૂર્વક દૂર કરવાનું જાણતા હોતા નથી. ખરેખર, ઘણે ભાગે તો વ્યક્તિ બીજાઓમાં તે જ ભૂલો સહેલાઈથી જોઈ શકે છે જે પોતાનામાં હોય છે, પરંતુ પોતે તે જોઈ શકતી નથી. આ અને બીજા દોષો જેવા કે તમે છેલ્લે નિર્દેશ કરેલો છે તે, માનવપ્રકૃતિમાં સામાન્ય રીતે રહેલા જ હોય છે અને બહુ ઓછા માણસો તેમાંથી મુક્ત હોય છે. માનવમન પોતે પોતાના વિશે ખરેખર સચેતન હોતું નથી એટલા માટે જ માણસને પોતાની અંદર શું છે તે તરફ હંમેશાં નજર વાળીને જોવાનું હોય છે અને વધારેને વધારે સચેતન બનવું પડે છે.

***

દરેકમાં તે પ્રકારનો એક ક્ષુદ્ર અહં હોય છે જે બીજાઓની ''સાચી કે ખોટી'' ભૂલો શોધીને તેમના વિશે વાતચીત કરવાનું પસંદ કરે છે અને તે ભૂલો સાચી છે કે ખોટી તેની પરવા પણ કરતા નથી; અહંકારને તેમના વિશે નિર્ણય બાંધવાનો અધિકાર નથી, કારણ કે તેનામાં સાચું દૃષ્ટિબિંદુ અથવા સાચી ભાવના હોતી નથી. ફક્ત સ્થિર, અનાસક્ત, બિનપક્ષપાતી અને સર્વ-સહાનુભૂતિ તથા સર્વ-પ્રેમી આત્મા જ નિર્ણય કરી શકે છે અને તે જ દરેક વ્યક્તિમાં રહેલું સામર્થ્ય અથવા દુર્બળતાને વિશે વિચાર બાંધી શકે છે અને તેને સાચી રીતે જોઈ શકે છે.

**શ્રી અરવિન્દ**

(યોગ વિશે પત્રો, ભાગ-૨, પૃષ્ઠ ૩૪૨થી ૩૪૩)

***

# વેદના - એક ઉચ્ચાલન

જીનિવા, ૬ માર્ચ ૧૯૧૪

એ લોકોની વેદના જોતાં મને પણ બહુ તીવ્ર વેદના થઈ આવી. અને તે પછી તારા દિવ્ય પ્રેમનો જગતની સર્વ શાંતિ અને આનંદના મૂલરૂપ એ મહાતત્ત્વનો કિંચિત્ અંશ એ વેદનામાં મૂકીને તેને રૂઝાવવા માટેનો પ્રયત્ન આદરતાં હું તારા પ્રત્યે વળી. અમારે જો દુઃખમાંથી નાસી છૂટવાનું નથી, તો પછી એના ઉપર અમારે પ્રેમ પણ કરવાનો નથી, તેમ એને વધારવાનું પણ નથી, અમારે શીખવાનું એ છે કે એ દુઃખની અંદર અમે વધુને વધુ ઊંડા જઈએ અને તેને એક એવું તો ઉચ્ચાલન બનાવીએ કે જેના વડે અનંત ચૈતન્યનાં બારણાં ભડોભડ ખૂલી જાય અને તારા અવિકલ અદ્વૈતની ગહનતામાં અમને પ્રવેશ મળે.

આ પ્રાણ અને શરીરની આસક્તિ એ તો, શરીરનો વિયોગ થતાં એક કપરી વેદના અનુભવાવે છે. પરંતુ અમે જ્યારે જગતનાં બાહ્ય રૂપોની ક્ષણભંગુરતાનો, અને તે સર્વના મૂળમાં રહેલા તારા અદ્વૈતનો વિચાર કરીએ છીએ ત્યારે, અમુક દૃષ્ટિથી જોતાં તો આ આસક્તિ ખરેખર બાલિશ જ લાગે છે. પરંતુ એક બીજી રીતે વિચારતાં, એ વાત પણ શું સાચી નથી કે આ આસક્તિ, આ અંગત સ્નેહ એ આ જગતના મૂળમાં રહેલી એકતાનો, બાહ્ય રીતે શક્ય તેટલો સાક્ષાત્કાર કરવા માટે માણસોનો એક અભાન એવો પ્રયત્ન જ છે? આ આસક્તિ અને લાગણી પોતાના કશા ખ્યાલ વિના પણ એ મૂલની તરફ જ ગતિ કરતી હોય છે ને? અને એટલા કારણે જ, આ વિયોગની વેદના તે આ બાહ્ય ચેતનામાંથી ઉપર ચાલ્યા જવા માટેનું એક સૌથી વધુ અસરકારક સાધન તો નહિ હોય? એ વેદના દ્વારા જ આ ઉપરછલ્લી આસક્તિને સ્થાને તારા શાશ્વત અદ્વૈતનો પૂર્ણ સાક્ષાત્કાર તો થવાનો નહિ હોય?

આ સર્વ લોકોને આ વસ્તુ પ્રાપ્ત થાય એટલા માટે જ મારા હૃદયમાં એક ઇચ્છા જાગી હતી; એટલા માટે મારા ચિત્તમાં એક તીવ્ર સંકલ્પ જાગ્યો હતો, અને તારા વિજયનું મને અભયદાન મળતાં, તારા વિજયની પાકી ખાતરી થઈ જતાં, મેં એ લોકોનું દુઃખ તારી આગળ નિવેદિત કર્યું હતું કે જેથી એ વ્યથા ઉપર તારો પ્રકાશ રેલાવીને તું તેને મિટાવી શકે.

હે પ્રભુ, આ સ્નેહમાં અને આ કોમળ ભાવોમાં રહેલું આ સર્વ સૌન્દર્ય એક પરમ તેજોમય જ્ઞાનરૂપ બની રહો.

હરેક વસ્તુમાંથી તેનું ઉત્તમ તત્ત્વ પ્રગટ થાઓ અને પૃથ્વી ઉપર તારી સુખભરી શાંતિનું સામ્રાજ્ય સ્થપાઓ.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ - ૧ પૃષ્ઠ ૬૭, ૬૮)

# બધા સંબંધોનો આધાર – આધ્યાત્મિક આત્મીયતા

તમે આ યોગનો સિદ્ધાંત સમજ્યા હો તેવું લાગતું નથી. પ્રાચીન યોગ પૂર્ણ ત્યાગની માગણી કરતો હતો અને તેમાં આ જગતના જીવનનો ત્યાગ પણ આવી જતો. તેના બદલે આ યોગનું લક્ષ્ય એક નવીન અને રૂપાંતર પામેલું જીવન છે, પરંતુ તે મન, પ્રાણ અને શરીરમાં રહેલી બધી જ કામનાઓ અને આસક્તિઓને સંપૂર્ણ રીતે બહાર ફેંકી દેવાનો આગ્રહ રાખે છે. તેનું લક્ષ્ય આત્માના સત્યમાં નવીન જીવનની રચના કરવાની છે, અને તે હેતુ માટે આપણે જે કાંઈ છીએ અને આપણાં મન, પ્રાણ અને શરીરમાં જે છીએ અને જે કરીએ છીએ તેના દરેક મૂળમાં જ ફેરફાર કરીને, મનથી ઉપર રહેલી ચેતનામાં નવીન જીવનનું પ્રસ્થાપન કરવાનું છે. એનો અર્થ કે નવીન જીવનમાં બધા સંબંધો એક આધ્યાત્મિક આત્મીયતા ઉપર બંધાવા જોઈએ અને આપણા હાલના સંબંધો જે આપણને ટેકો આપી રહેલાં છે તેના બદલે કોઈક જુદા જ સત્યની સાથે સંબંધ ધરાવે છે. ઊર્ધ્વતર સાદ આવે ત્યારે જેને આપણે સ્વાભાવિક લાગણીના સંબંધો કહીએ છીએ તેમનો ત્યાગ કરવા માટે તૈયાર રહેવું જોઈએ. તેમને માટે થોડી ઘણી તૈયારી પણ રાખવામાં આવે તો તે એક એવો ફેરફાર હોવો જોઈએ જે તેમનું સમગ્ર રૂપાંતર કરે. પરંતુ તેમનો ત્યાગ કરવામાં આવે અથવા રાખવામાં આવે અને રૂપાંતર કરવામાં આવે, તેનો નિર્ણય વ્યક્તિગત કામનાઓ દ્વારા કરવાનો નથી પરંતુ ઊર્ધ્વમાં રહેલા સત્ય દ્વારા કરવાનો છે. સમગ્ર વસ્તુ તે પરમ યોગેશ્વર ઉપર છોડી દેવાની છે.

એવો ખ્યાલ કે સાધકોએ એકબીજાથી અલગ રહેવું જોઈએ અને સામસામે મોરચા માંડવા જોઈએ એવા અગાઉથી બાંધેલા ખ્યાલનો ત્યાગ કરવો જોઈએ.

યોગનો એવો આદર્શ છે કે બધાએ પરમાત્મામાં અને તેની આસપાસ કેન્દ્રિત રહેવું જોઈએ અને સાધકોનું જીવન તે પાયા પર રચાવું જોઈએ. અને તેમના સંબંધોમાં પણ પ્રભુ કેન્દ્રસ્થાને હોવા જોઈએ. તે ઉપરાંત બધા જ સંબંધો પ્રાણમય સંબંધોને બદલે બદલાઈ જઈને આધ્યાત્મિક પાયા ઉપર રચાવા જોઈએ – અને પ્રાણ ફક્ત આધ્યાત્મિકતાનું રૂપ અથવા કરણ રહેવો જોઈએ – એટલે કે તેમનો જે કોઈ જાતનો એકબીજાની સાથેનો સંબંધ હોય, તેમાંથી બધી જ ઈર્ષા, સઘર્ષ, ધિક્કાર, ઘૃણા, કિન્નાખોરી અને બીજી બધી દુષ્ટ પ્રાણમય લાગણીઓનો ત્યાગ થવો જોઈએ, કારણ કે તે વસ્તુઓ આધ્યાત્મિક જીવનનો કોઈ ભાગ બની શકે નહિ, તે જ પ્રમાણે બધી જ વસ્તુઓ અહંકારયુક્ત પ્રેમ જે ફક્ત પોતાના અહંકારના પોષણ અર્થે હોય છે અને જેવો અહંકાર ઘવાય અથવા અસંતોષ પ્રાપ્ત કરે કે તરત જ પ્રેમ કરવાનું બંધ પડી જાય છે અથવા કિન્નાખોરી અને ધિક્કાર ધારણ કરે છે તે પણ આધ્યાત્મિક નથી. પ્રેમની પાછળ એક જીવંત અને ટકાઉ એકતા હોવી જોઈએ. અલબત્ત એટલું તો સમજી જ લેવાનું કે કામવાસનાની

અશુદ્ધિ તો અદૃશ્ય થવી જ જોઈએ.

***

એક એવો પ્રેમ હોય છે જેમાં ઊર્મિ એક વૃદ્ધિ પામતી ગ્રહણશીલતા અને વિકાસ પામતા ઐક્યમાં પરમાત્મા પ્રત્યે વળે છે, તેને જે પરમાત્મા તરફથી પ્રાપ્ત થાય છે તેની બીજાઓ તરફ વૃષ્ટિ કરે છે, પરંતુ મુક્ત રીતે અને બદલાની અપેક્ષા રાખ્યા સિવાય – જો તમે તે પ્રમાણે શક્તિમાન હો તો તે પ્રેમ કરવાની ઉચ્ચતમ અને સંતોષકારક રીત છે.

મૈત્રી અથવા સ્નેહ આ યોગમાંથી બાકાત કરવામાં આવતાં નથી. પ્રભુ સાથેની મૈત્રી આ સાધનામાં માન્ય થયેલો સંબંધ છે. સાધકો વચ્ચે મિત્રાચારીનું અસ્તિત્વ હોય છે અને માતાજી તેને પ્રોત્સાહન પણ આપે છે. અમે ફક્ત એટલું જ ઇચ્છીએ છીએ કે માનવ મિત્રાચારી જે અસલામતીના પાયા ઉપર રચાયેલી હોય છે તેના કરતાં વધારે મજબૂત પાયા ઉપર તેનું સ્થાપન થાય. એ સ્પષ્ટ છે કે અમે મિત્રાચારી, ભ્રાતૃભાવ અને પ્રેમને પવિત્ર વસ્તુઓ ગણીએ છીએ અને તેથી અમે આ ફેરફાર ઇચ્છીએ છીએ. કારણ કે અમને તે દરેક ક્ષણે અહંકારની ગતિઓથી ભાંગી પડે છે એવું જોવાની ઇચ્છા નથી, તેમ જ આવેગોથી કલુષિત થયેલી કે નાશ પામેલી, ઈર્ષાઓ અને દગાઓ જે પ્રાણને લઈને બને છે તે પણ અમારે જોવાની ઇચ્છા નથી, અમારે તેમને સાચી રીતની પવિત્ર અને સલામતીવાળી જોઈએ છીએ. એવી વસ્તુઓ જેનું મૂળ આત્મામાં હોય અને જેનો પાયો પરમાત્માના પહાડ ઉપર રચાયેલો હોય. આપણો યોગ સંન્યાસીનો યોગ નથી; તે વિશુદ્ધિનું લક્ષ્ય રાખે છે, નહિ કે ઠંડી તપસ્યાનું. આપણે જે સંવાદ માટે અભીપ્સા રાખીએ છીએ તેમાં મૈત્રી અને પ્રેમ આવશ્યક સૂરો છે. તે કોઈ મિથ્યા સ્વપ્ન નથી, કારણ કે અમે જોયેલું છે કે અપૂર્ણ અવસ્થાઓમાં પણ, કોઈ અનિવાર્ય મૂળ તત્ત્વ થોડા અંશે પણ તેના મૂળમાં હોય તો આ વસ્તુ શક્ય છે. શું તે મુશ્કેલ છે અને જૂના વિઘ્નો જીદ્દી રીતે હજુ પણ ચોંટી રહે છે? પરંતુ લક્ષ્ય પ્રત્યે પૂર્ણ વફાદારી અને લાંબા પ્રયત્ન સિવાય કોઈ પણ વિજય પ્રાપ્ત થઈ શકતો નથી. ધીરજ રાખ્યા સિવાય બીજો કોઈ પણ માર્ગ નથી.

***

યોગમાં મૈત્રી રહી શકે છે પણ આસક્તિ ખરી પડે છે અથવા કોઈ પણ વ્યક્તિમાં સમગ્ર ધ્યાન રોકી લેતી લાગણી જે વ્યક્તિને સામાન્ય જીવન અને સામાન્ય ચેતના સાથે બાંધી રાખે છે તે જવી જ જોઈએ.

**શ્રી અરવિન્દ**

(યોગ વિશે પત્રો – ભાગ-૨, ૩૧૭, ૩૧૮, ૩૩૦ અને ૩૩૩-૩૩૪)

***

જ્યારે એક માનવસ્વરૂપ પોતાનો પ્રેમ બીજા માનવસ્વરૂપને આપે છે ત્યારે સામાન્યતઃ પ્રથમ ભૂલ એ કરે છે કે એ પોતે એવું ઇચ્છે છે કે સામી વ્યક્તિ પણ તેને પ્રેમ કરે, અને તે પ્રેમ

એ પ્રેમ કરનાર વ્યક્તિની રીતે અને એના લક્ષણ મુજબ નહિ, પરંતુ પોતાની રીતે સામી વ્યક્તિ તેને પ્રેમ કરે અને પોતાની કામનાઓ સંતોષાય એ રીતે પોતાને પેલી વ્યક્તિ પ્રેમ કરે એવું એ ઇચ્છે છે. બધી માનવીય નિરાશાઓ, વેદનાઓ અને ક્લેશનું મુખ્ય કારણ જ આ છે.

***

પ્રેમ કરવો એટલે કોઈ પણ જાતની સોદાબાજી કર્યા વગર પોતાની જાત અર્પી દેવી – એમ જો ન હોય, તો પછી એ પ્રેમ કહેવાય નહિ. પરંતુ આ સમજ ભાગ્યે જ કેળવાતી હોય છે. અને એનું આચરણ તો ક્યારેક જ થતું હોય છે.

***

સૌ પ્રથમ જરૂરિયાત છે, પોતાની જાત પર સંયમ, અને ખાસ કરીને પોતાની જીભ ઉપરનો કાબૂ! લોકો જો શાન્ત રહેતાં શીખી જાય તો કેટલી બધી મુશ્કેલીઓને દૂર રાખી શકાય.

***

બિનજરૂરી રીતે કેટલી બધી વસ્તુઓ કહેવાતી હોય છે એને લઈને ગેરસમજ અને ખરાબ લાગણીઓ ઉત્પન્ન થતી હોય છે, – અને આ બધી વસ્તુ શાન્ત રહેવાથી નિવારી શકાય છે. જેટલા જરૂરી હોય એટલા જ શબ્દો જો બોલવામાં આવે તો જગત એક ખૂબ જ શાન્ત એવું સ્થાન બની રહે.

***

સામાન્ય રીતે એવું બને છે કે બીજા લોકોની કાળી બાજુ આપણને તરત જ દેખાઈ આવે છે. દરેક માણસમાં કંઈક એવી ખામી તો હોય છે જે એને નહિ પણ એના પાડોશીને જણાઈ આવે છે. એટલે તમારે જો કોઈને પણ અન્યાય ન થાય એવી રીતે તેના વિશે વિચાર બાંધવો હોય તો એનામાં જે ઉત્તમ વસ્તુ હોય તેના ઉપર જ નજર નાખવી જોઈએ. કહેવતમાં કહ્યું છે 'તમારા મિત્રને જો એક આંખ હોય તો એનો ચહેરો તમારે બાજુ પરથી જ જોવો'

તમારો મિત્ર તમને ભલે ઠોઠ અને આળસુ દેખાતો હોય તો પણ તે વર્ગમાં ખૂબ જ મહેનત કરતો હોય એમ બની શકે છે.

તમારા શિક્ષક તમને કડક અને કઠોર લાગતા હોય છે તો પણ તે ખરેખર તમને ચાહતા હોય અને તમારી પ્રગતિ ઇચ્છતા હોય છે.

તમારો કોઈ ભાઈબંધ તમને કોઈવાર કંટાળો આપતો હોય તેમ જ ચીડિયો દેખાતો હોય તો પણ તે આખરે તમારો ઉત્તમ મિત્ર હોઈ શકે છે.

વળી જગતમાં એવા કેટલાય માણસો હોય છે કે લોકો તેમને ખરાબ ગણતા હોય છે, તેમ જ તેમને લેશ પણ પ્રેમભાવ દેખાડતા નથી છતાં એવા માણસોના હૃદયમાં પણ કંઈક એવું હોય છે જે કોઈ જોતું હોતું નથી.

... તમે ગમે તેવું સડી ગયેલું લાકડું લેશો તો પણ હરકોઈ સારો સુથાર તમને કહેશે કે એમાંથી અમુક ભાગ તો સારો નીકળશે જ. ખરાબ કારીગર એના અજ્ઞાનમાં એ લાકડાને

તિરસ્કાર કરીને ફેંકી દેશે પણ સારો કારીગર તો એને ઉપાડી લેશે અને એમાંથી સડેલો ભાગ કાઢી નાખીને બાકીના ભાગનો કાળજીપૂર્વક ઉપયોગ કરશે. અને કોઈ કળાકાર હશે તો તે ઝાડની નક્કરમાં નક્કર ગાંઠોમાંથી પણ મોહક પૂતળીઓ બનાવી લેશે.

**શ્રી માતાજી**

(CWM-Vol-17, P-370, Vol-14, P-203, Vol-2, PP227-29)

## દયાભાવ અને બીજાઓને મદદ કરવી.

પોતાના હૃદયમાં તેમ જ મસ્તકમાં બીજાના કલ્યાણ માટે અચલ એવી શુભ નિષ્ઠા રાખવી એ જ છે શ્રેષ્ઠ સહાય, જે એક વ્યક્તિ બીજાને કરી શકે.

***

જે કોઈ પણ વ્યક્તિ કે વસ્તુની બાબત તમે પરમાત્મા પર છોડી દીધી હોય તે વસ્તુ કે વ્યક્તિની બાબતમાં પછીથી તમારે આસકિત રાખવી જોઈએ નહિ કે એના વિશે ચિંતા કરવી જોઈએ નહિ. એ વસ્તુ કે વ્યક્તિ માટે જે શ્રેષ્ઠ હોય એ બનવા માટે માત્ર પરમાત્મા પર જ બધું છોડી દેવું જોઈએ.

***

એ ઘણું સારું છે કે જે અવસ્થાની તમે વાત કરો છો તેનું તમારી અંદર સ્થાપન થયું છે. એ મહાન પ્રગતિ છે. પ્રાર્થના માટે કહેવાનું કે પ્રાર્થના કરવાની હકીકત અને તેને લઈને જે વલણ આવે છે, ખાસ કરીને બીજાઓ માટે નિઃસ્વાર્થ પ્રાર્થના, તે એક ઉચ્ચતર શક્તિ પ્રત્યે પોતાની જાતને ખુલ્લી કરે છે, ભલે પછી જે વ્યક્તિ માટે તમે પ્રાર્થના કરતા હો તેને માટે અનુરૂપ પરિણામ ન આવતું હોય. તેના માટે કોઈ વિધાનાત્મક વસ્તુ ન કરી શકાય કારણ કે તેનું પરિણામ અચૂક બીજી વ્યક્તિઓ ઉપર આધાર રાખે છે. તેઓ ખુલ્લા કે ગ્રહણશીલ છે કે કેમ અથવા પ્રાર્થના તેમના પ્રત્યે જે શકિત મોકલે તેને તેઓ પ્રત્યુત્તર આપે છે કે કેમ તેના ઉપર આધાર છે.

**શ્રી અરવિન્દ**

(Cent.ed. Vol 23, P-831 & 832)

## સાચો પ્રેમ

**બાળક :** માતાજી, 'તું મને પ્રેમ કરીશ, તો હું તને પ્રેમ કરીશ', આ કઈ રીતનો પ્રેમ છે?

**શ્રી માતાજી :** 'તું મને પ્રેમ કરીશ તો હું તને પ્રેમ કરીશ!' માણસો એ જ રીતે બોલતા હોય છે. 'તું મને પ્રેમ કરે, તો હું તને પ્રેમ કરું, તું મને પ્રેમ ના કરે, તો હું તને પ્રેમ નહિ કરું,' બરાબર આ જ રીતે માણસ પ્રેમને વ્યક્ત કરે છે. એ વસ્તુ હજી આગળ વધે છે, માણસો પ્રભુ

સાથેના સંબંધમાં પણ એ જ રીત લાગુ પાડે છે. લોકો ભગવાનને કહે છે : 'હું જે માગું તે તમે કરશો તો હું કહીશ કે તમે મને પ્રેમ કરો છો અને હું તમને પ્રેમ કરીશ. પણ હું માગું તે તમે જો નહિ કરો તો હું એમ નહિ માનું કે તમે મને પ્રેમ કરો છો અને હું તમને પ્રેમ નહિ જ કરું.'

એવું છે. બીજા શબ્દોમાં કહીએ તો એ વેપારી રીતની વસ્તુ બની જાય છે.

બાળક : પણ 'તું મને પ્રેમ નહિ કરે, તોપણ હું તો પ્રેમ કરીશ!'

**શ્રી માતાજી :** એ જરા વધારે સારું થાય છે. એથી યે વધારે સારી વસ્તુ તો એ છે કે તમને પ્રેમ કરવામાં આવે છે કે નહિ એ બાબતનો પ્રશ્ન જ ન કરવો, તમારે માટે એ વસ્તુ જરા પણ મહત્ત્વની રહેતી નથી. અને સાચો પ્રેમ એ રીતે શરૂ થાય છે. તમે પ્રેમ કરો છો, કારણ કે તમે પ્રેમ કરતા હો છો, એમાં તમારા પ્રેમનો ઉત્તર મળતો હોય છે અથવા તો બીજી વ્યક્તિ તમને પ્રેમ કરતી હોય છે એ કારણ જરા પણ હોતું નથી. આ બધી શરતો એ પ્રેમ નથી. તમે પ્રેમ કરો છો કારણ કે તમે પ્રેમ કરતા હો છો. તમને જરા પણ પરવા નથી રહેતી કે શું થશે, પ્રેમની લાગણીથી તમને સંપૂર્ણ સંતોષ હોય છે. તમે પ્રેમ કરો છો કારણ કે તમે પ્રેમ કરતા હો છો.

બાકીનું બધું એ સોદો કરવાનું હોય છે, એ પ્રેમ હોતો નથી.

વળી, એક વસ્તુ તો ચોક્કસ છે : જે ક્ષણે તમે સાચા પ્રેમમાં પ્રવેશ કરતા હો છો તે પછી કોઈ પ્રશ્નો કરતા નથી. પ્રશ્નો પૂછવાનું એ તમને તદ્દન બાલિશ લાગે છે, હાસ્યાસ્પદ અને ક્ષુદ્ર લાગે છે. તમે આનંદ અને સાક્ષાત્કારની સંપૂર્ણ સભરતામાં પહોંચી ગયેલા હો છો. તમે સાચા પ્રેમમાં પ્રવેશ કરો છો પછી તમારે કોઈ રીતના ઉત્તરની જરૂર રહેતી નથી. તમે જ એ પ્રેમ હો છો, બસ. પ્રેમમાં મળતી તૃપ્તિની સભરતા તમને મળી ગઈ હોય છે. ઉત્તરની એમાં જરા પણ જરૂર રહેતી નથી.

હું તમને કહું કે જ્યાં સુધી તમારા મનમાં કે તમારી લાગણીઓમાં અને સંવેદનોમાં કાંઈક ગણતરી હશે, જ્યાં લગી એમાં કોઈ ગણતરી હશે, પછી તમે એનો થોડોઘણો સ્વીકાર કરતા હો કે ન હો, એ સોદો હોય છે, પ્રેમ નહિ.

આ તમે સમજી શકો છો કે નહિ? ...હું આશા રાખું છું કે એક દિવસ તમને આ બધું સમજાશે.

આ સિવાયનું બીજું બધું તે માત્ર માણસે પ્રેમની જે દુર્દશા કરેલી છે તે જ છે અને પછી એ બધું વધુ વખત સુંદર રહેતું નથી અને એમાંથી અનેક રીતની એવી વસ્તુઓ બને છે કે જે આથી પણ ઓછી સુંદર હોય છે, જેવી કે અદેખાઈ, ઈર્ષા અને ઉગ્ર પ્રકૃતિવાળા માણસોમાં તો એ તિરસ્કાર સુધી પહોંચે છે. આમાં નાનકડો આરંભ આવી રીતે થતો હોય છે : તમે જો પ્રેમ કરતા હો છો તો પછી એવી જરૂર ઊભી થાય છે કે જેને તમે પ્રેમ કરતા હો છો તેણે એ વસ્તુ જાણવી જોઈએ કે તમે પ્રેમ કરો છો અથવા તો એને પ્રેમ કરવામાં આવતો હોય છે.... ભગવાન સાથેના સંબંધમાં પણ : આપણે ભગવાનને પ્રેમ કરતાં હોઈએ છીએ! પણ એવો આગ્રહ રાખીએ છીએ કે ભગવાને એ જાણવું જોઈએ કે આપણે તેને પ્રેમ કરીએ છીએ. અધોગતિનો આરંભ આ રીતે

થાય છે. તમને સાચી વસ્તુનો વિચાર સરખો આવતો નથી. એ મનને સ્પર્શ કરતી જ હોતી નથી.

તમે વિચાર કરતા નથી હોતા : તમે પ્રેમ કરતા હો છો, બસ એટલું જ. તમે પ્રેમ કરતા હો છો અને તમે પ્રેમની સભરતામાં અને પ્રેમના આનંદની તીવ્રતામાં ડૂબેલા હો છો અને પછી, એ જ પૂરતું હોય છે.

માણસો જેને પ્રેમ કહે છે ત્યાંથી માંડીને સાચા પ્રેમ સુધી પહોંચવું એ તો ખૂબ લાંબો રસ્તો છે – ખૂબ જ લાંબો રસ્તો.

આ વસ્તુ માણસની ચેતનામાં જે ઘૃણાજનક રૂપો લે છે તેની તો હું તમારી આગળ વાત પણ કરતી નથી; હું તો તમને સારામાં સારી સ્થિતિની, પ્રેમ એના ઉત્તમ રૂપમાં જેવો હોય છે, એના અત્યંત નિઃસ્વાર્થ રૂપમાં પણ જેવો હોય છે તેની હું વાત કરું છું. મને ખબર નથી, પણ તમે જો માણસોને પ્રશ્ન કરશો તો જેમને સાચા ઉત્તરની પરવા નથી હોતી એવા માણસો કેટલા ટકા નીકળે એ મારે જાણવું છે. માત્ર ગણ્યાગાંઠ્યા જ. 'તું મને પ્રેમ કરે તો હું તને પ્રેમ કરું.' એવા લોકોને માટે તો કાંઈ કહેવાનું જ નથી. એ વસ્તુ તો સાવ નીચા પગથિયાની છે. સાવ નીચા, લગભગ ખાડાની અંદરની.... એથી યે વધુ નીચું એક પગથિયું છે : 'તું મને પ્રેમ કર અને મારે તને પ્રેમ કરવો કે નહિ તે હું જોઈશ.' આ લોકો તો સાવ ઘૃણાજનક હોય છે. હું માત્ર પ્રત્યુત્તરની જે જરૂર હોય છે તેની જ વાત કરું છું. એ નીસરણીનું નીચેની દિશામાં પહેલું પગથિયું છે.

ઠીક તમે એક દિવસ આ વસ્તુ સમજશો. હજી તમે નાનાં છો.

***

## માનવીય પ્રેમની આરપાર નીકળી જાઓ

**પ્રશ્ન :** એમ કહેવાય છે કે 'તમારે પ્રભુના દિવ્ય પ્રેમને જાણવો હશે તો તે માટે બીજા બધા પ્રેમ જતા કરવા પડશે.' પરંતુ આ 'બીજા બધા પ્રેમ' તો બહુ જીદ્દીપણે દિવ્ય પ્રેમનો ઇનકાર કરતા હોય છે, તેમ જ આપણને કંઈ સહેલાઈથી છોડી જતા નથી. તો એમને છોડવાનો સારામાં સારો રસ્તો કયો?

શ્રી માતાજી : એમાંથી પસાર થાઓ. આહ! એમાં થઈને આરપાર નીકળી જાઓ અને એની પાછળ શું આવી રહેલું છે તે જોઈ લો. માત્ર બહારના દેખાવ આગળ જ અટકી ન પડો. બાહ્ય રૂપથી સંતોષ ન પામી જાઓ. પરંતુ પ્રેમની પાછળ જે તત્ત્વ રહેલું છે તેની શોધ આદરો. તમારી અંદર રહેલી લાગણીનું મૂળ તમને જડે નહિ ત્યાં લગી જંપો નહિ અને એમ કરતાં પછી આ બાહ્ય રૂપ આપોઆપ જ ખરી પડશે અને પ્રત્યેક પદાર્થની પાછળ જે દિવ્ય પ્રેમ આવી રહેલો છે તેના સંપર્કમાં તમે આવી જશો. સારામાં સારો રસ્તો તે આ છે. પ્રભુનો પ્રેમ પામવા માટે બીજા બધા પ્રેમનો ત્યાગ કરી દેવો એ બહુ અઘરું કામ છે, લગભગ અશક્ય

કામ છે. માણસની પ્રકૃતિ બહુ જ મર્યાદિત રીતની છે, એમાં ખૂબ જ વિરોધાભાસો રહેલા છે, એની ક્રિયાઓ અત્યંત સંકુચિત છે. એટલે તમે પ્રેમનો તેના નિમ્ન સ્વરૂપમાં, માણસો તેને અનુભવે છે તે રીતના માનવરૂપમાં ત્યાગ કરવા માગશો, એ ત્યાગ કરવા માટે તમારી જાત ઉપર બળાત્કાર કરશો તો સામાન્ય રીતે એવું પરિણામ આવશે કે તમે પ્રેમ કરવાની શક્તિને જ તમારામાંથી દૂર કરી દેશો, તમે જાણે કે પથ્થર બની જશો, અને આવી સ્થિતિમાં પહોંચ્યા પછી તમારામાં પ્રેમને ઝીલવાની તથા તેનો આવિર્ભાવ કરવાની શક્તિ ક્યારે પાછી આવશે તે કહેવું મુશ્કેલ છે. એ માટે તમારે કદાચ વરસો લગી કે સદીઓ સુધી પણ રાહ જોવી પડે.

એટલે સારામાં સારી રીત એ છે કે તમારી પાસે પ્રેમ ગમે તે રૂપે આવે ત્યારે એના બાહ્ય સ્વરૂપને ભેદીને પેલી પાર નીકળી જવાનો પ્રયત્ન કરો. એની પાછળ જે દિવ્ય તત્ત્વ આવી રહેલું છે અને જે તત્ત્વને લીધે એ ઉત્પન્ન થયેલો છે તે તત્ત્વને શોધવાનો પ્રયત્ન કરો. બેશક, આ પદ્ધતિમાં મુશ્કેલીઓ છે, તમને ફસાવી દે તેવા ફંદાઓ છે, છતાં સૌથી વધુ અસરકારક રીત તો આ જ છે. અર્થાત્ બીજી રીતે કહીએ તો, તમે ખોટી રીતે પ્રેમ કરો છો માટે તમારે પ્રેમ કરતાં જ બંધ થઈ જવું જોઈએ એમ નહિ, પણ એ ખોટી રીતે પ્રેમ કરતાં બંધ થઈ જવું જોઈએ. અને સાચી રીતે પ્રેમ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. દા.ત. માણસો  માણસો વચ્ચેનો જે પ્રેમ હોય છે, બાળકો તરફ મા-બાપનો પ્રેમ, મા-બાપ તરફ બાળકોનો પ્રેમ, ભાઈઓ ભાઈઓ વચ્ચેનો પ્રેમ, પ્રેમીઓ વચ્ચેનો પ્રેમ - આમ પ્રેમનાં બધાં જ સ્વરૂપોમાં અજ્ઞાન અને અહંકાર આવી રહેલાં હોય છે. અર્થાત માણસમાં જે જે સામાન્ય દોષો છે તે બધા જ, આ પ્રેમમાં આવી જતા હોય છે. એટલે તમે પ્રેમ કરતા બંધ થઈ જાઓ એ કરવાનું નથી, અને એમ કરવું મુશ્કેલ પણ છે. એવો પ્રયત્ન તમારા હૃદયને શુષ્ક કરી નાખે છે અને તેથી એમ કરવાનો કશો અર્થ નથી. પણ તમારે એવી રીતે પ્રેમ કરવો જોઈએ કે તેમાં ભક્તિ હોય, આત્મસમર્પણ અને આત્મ-ત્યાગ હોય. તમારે પ્રેમની ખુદની સામે લડાઈ કરવાની નથી, પણ પ્રેમની જે વિકૃતિઓ છે તેની સામે લડવાનું છે. માણસમાં પ્રેમની મૂળ લાગણી સાથે બીજી બીજી લાગણીઓ જોડાઈ જતી હોય છે. ઈર્ષા - પોતાના પ્રેમીના એક માત્ર પ્રેમી બની રહેવાની, તેનો કબજો લેવાની જે જે વૃતિઓ હોય છે, તે બધીને તમારે દૂર કરી દેવાની છે. ઊલટું, તમે એવો પ્રયત્ન કરો કે તમને તમારા પ્રેમીનો કબજો લેવાનું મન ન થાય, તમારા પ્રેમી ઉપર સત્તા ચલાવવાની તમારી ઇચ્છા કે ધૂન તેના ઉપર લાદવાની કદી પણ ઇચ્છા ન થાય. તમારા પ્રેમી પાસેથી તમને વસ્તુઓ મેળવવા માટે નહિ પણ તેને આપવા માટે આતુરતા થવી જોઈએ. સામી વ્યક્તિ પાસેથી તમે કશા બદલાની માગણી ન કરો, પણ તમારા પોતાના પ્રેમથી જ તૃપ્ત રહો. તમારા પ્રેમી પાસેથી તમારું પોતાનું કોઈ કામ કરાવી લેવાની વૃત્તિ ન રાખો. તમારી અંગત તૃપ્તિની કામના ન કરો, તમારી કામનાઓને સંતોષવા ઇચ્છો નહિ, તમારા પોતાનામાં જે પ્રેમ અને સ્નેહની લાગણી રહેલી છે તેનાથી જ સંતુષ્ટ રહો. પ્રત્યુત્તરની આશા ન રાખો. પણ તમે પોતે પ્રેમ કરો છો એટલી વસ્તુથી જ સુખ અનુભવો. આથી વધુ કાંઈ જ ન ઇચ્છો.

આ વસ્તુ તમે કરી શકશો તો તમે એક મોટું પગલું ભર્યું ગણાશે. એ વલણને આધારે તમે ધીરે ધીરે આગળ વધતાં વધતાં પ્રેમની પોતાની જ જે લાગણી છે તેમાં પહોંચી શકશો અને એક દિવસ તમને જ્ઞાન થશે કે પ્રેમ એ કોઈ અંગત વસ્તુ નથી. એ એક દિવ્ય વિશ્વરૂપ લાગણી છે. તમારી અંદર થઈને એ લાગણી બહાર વ્યક્ત થવા માટે બને તેટલો પ્રયત્ન તો કરતી હોય છે તો પણ એના મૂળ રૂપે તે એક દિવ્ય વસ્તુ જ છે.

તો આ બાબતમાં પહેલું પગથિયું એ છે કે તમે અહંકારપ્રધાન મટી જાઓ. અને આ નિયમ સૌ કોઈને એકસરખો લાગુ પડે છે. તમે યોગ કરવા માગતા હો ત્યારે જ માત્ર નહિ, પણ સામાન્ય જીવનમાં રહ્યાં રહ્યાં પણ તમારે જો સાચી રીતે પ્રેમ કરવો હશે તો પહેલાં એટલું કરવું પડશે કે પોતાની જાત ઉપર પ્રેમ કરવાનું બંધ કરવું પડશે અને ખાસ કરીને તમે અહંકારની રીતે તો પ્રેમ નહિ જ કરી શકશો. તમારે તમારા પ્રેમના પાત્રને તમારી જાત, કશી પણ બદલાની માગણી કર્યા વિના અર્પણ કરી દેવી જોઈએ. તમારે તમારા પોતામાંથી નીકળી ઊર્ધ્વમાં જવું હોય, સામાન્ય પ્રાકૃત જીવન કરતાં કાંઈ વિશેષ રીતનું જીવન ગાળવું હોય તો આટલી સાધના તો તમારે પહેલે પગથિયે જ કરવી પડશે.

યોગમાં તમે આ કરતાં પણ કંઈક વિશેષ કરો છો. એમાં તમે, હું કહી ગઈ તે મુજબ, પ્રેમનું આ જે મર્યાદિત અને માનવ સ્વરૂપ છે તેને ભેદીને પેલી બાજુએ ચાલ્યા જવાનો તેમ જ એ પ્રેમની પાછળ આવી રહેલા દિવ્ય તત્ત્વને શોધી લેવાનો સંકલ્પ કરો છો અને તમે આ કરો છો ત્યારે તમને અવશ્ય કંઈક પરિણામ દેખાય જ છે. તમારા હૃદયને તમે શુષ્ક કરી નાખો એના કરતાં આ એક વધુ સારી વસ્તુ છે. એ કદાચ વધુ અઘરી હશે પરંતુ કોઈ પણ રીતે એ વધારે સારી તો છે જ. કેમકે આ રીતે પ્રેમ કરતાં પછી તમે તમારા અહંકારને કારણે બીજાઓને દુઃખી કરતા નથી, બીજાઓને તમે તેમની પોતાની રીતે ગતિ કરવા દો છો, તમે તમારા પોતાના રૂપાંતર ઉપર એકાગ્ર બની રહો છો, બીજાઓના ઉપર તમારી ઇચ્છા લાદતા નથી, અને આ વસ્તુ, સામાન્ય જીવનમાં પણ એવી છે કે તે તમને કંઈક વધારે ઉચ્ચ વસ્તુ પ્રત્યે, કંઈક વધુ સંવાદમય સ્થિતિ પ્રત્યે લઈ જતું પગથિયું બની રહે છે.

***

## દિવ્ય પ્રેમ

તમને પ્રભુના પ્રેમનો અનુભવ થશે તો તરત જ જણાઈ આવશે કે તે સિવાયના બીજા સર્વ પ્રેમમાં કેવું તો અજ્ઞાન રહેલું હોય છે. તમે જોશો કે આ બીજા પ્રેમમાં લઘુતા, અહંકાર અને અંધકારનું કેવું તો મિશ્રણ હોય છે. એ પ્રેમ એક સોદા જેવો હોય છે, એમાં પોતાની જાતને વધુ ઉત્તમ તરીકે ઠસાવવા માટેની, પોતાનો અધિકાર જમાવવા માટેની સતત ખેંચતાણ રહ્યા કરે છે. તમે જોશો કે સારામાં સારા માણસોના પ્રેમમાં પણ ગેરસમજૂતીઓ અને આળાઈ રહેલી હોય છે, તકરારો અને શંકાઓ ભરેલી હોય છે.

વળી એ પણ એક બહુ જાણીતી હકીકત છે કે તમે જેને ચાહતા હો છો તેના જેવા જ તમે બની રહો છો. એટલે તમારે જો પ્રભુના જેવા બનવું હશે તો તો પછી કેવળ પ્રભુ ઉપર જ તમારે પ્રેમ કરવાનો રહે છે. જે લોકોને પ્રભુ સાથેના પ્રેમાનુભવનો પરમ આનંદ અનુભવવા મળેલો હોય છે તેઓ જ માત્ર જાણી શકે છે કે એ પ્રેમની સરખામણીમાં બીજા બધા પ્રેમ કેવા તો શુષ્ક હોય છે, કેવા તો નિસ્તેજ અને દુર્બળ હોય છે.

પ્રભુ-પ્રેમની આ અદ્ભુત અવસ્થાને આપણે પૃથ્વી ઉપર સિદ્ધ કરવા માગીએ છીએ. આ મહા પ્રેમ જ જગતની કાયાપલટ કરી આપશે અને પ્રભુના દિવ્ય સાંનિધ્યને જગત પોતામાં ધારણ કરી શકે તેવી પાત્રતા તેમાં સરજી આપશે. જગત પ્રભુ માટે આવું એક સુપાત્ર નિવાસસ્થાન બનશે ત્યારે પ્રેમ તેના શુદ્ધ અને સત્ય સ્વરૂપે પૃથ્વી ઉપર એક શરીરની અંદર સાકાર બનશે.

માણસ એ વાત ક્યારથીયે જાણે છે કે આ જગતની પીડાનો અંત લાવી શકે તેવી વસ્તુ તો એક પ્રેમ જ છે. બેશક આ જ્ઞાન શરૂશરૂમાં માણસને બહુ સ્પષ્ટ નથી હોતું પણ માણસ જેમ જેમ પૂર્ણતા પ્રત્યે આગળ વધતો જાય છે તેમ તેમ આ વસ્તુ તેને વધુને વધુ સ્પષ્ટ થતી જાય છે. માણસ જાણે છે કે પ્રેમના મૂળ તત્ત્વમાં રહેલો વાચાતીત આનંદ જ વિશ્વમાંથી વિરહની સળગતી વ્યથાને સદંતર દૂર કરી શકશે. આ જગત શા માટે અસ્તિત્વમાં આવ્યું, એની અંતિમ સાર્થકતા શામાં છે એનો જવાબ માણસને પ્રભુ સાથેના પરમ મિલનના આનંદમાં જ માત્ર મળી શકશે.

એટલે આપણે ભલે ગમે તેટલો પુરુષાર્થ ખેડવો પડે, ગમે તેટલી કઠોર તપસ્યા કરવી પડે પણ તે દ્વારા જો આપણા શરીર તત્ત્વને આપણે પ્રકાશમય કરી શકીશું, તેને વિશુદ્ધ, સંપૂર્ણ અને એક નવા જ સ્વરૂપવાળું બનાવી શકીશું તો એ સારોયે પરુષાર્થ અને તપસ્યા પૂરેપૂરાં સાર્થક ગણાશે. આપણું શરીરતત્ત્વ આવી નવીન અવસ્થા પ્રાપ્ત કરશે તે પછી પરમાત્મા તેની અંદર આવીને બાહ્ય આકાર ધારણ કરશે અને ત્યારે એ આકાર પરમાત્માને ઢાંકી રાખનાર એક આચ્છાદન રૂપ નહિ રહેશે. એવા શરીર દ્વારા પેલું અદ્ભુત પ્રેમતત્ત્વ, જીવનને એક મધુર આનંદના સ્વર્ગ રૂપે પલટી નાખવાની શક્તિ ધરાવનાર એ દિવ્ય પ્રેમ પોતાની જાતને સંપૂર્ણ મુક્ત ભાવે વ્યક્ત કરી શકશે.

તમે કહેશો કે આ તો અંતિમ લક્ષ્યની વાત થઈ, આ તો સાધનાની છેવટની સિદ્ધિ છે, અંતિમ વિજય છે. પણ એ સિદ્ધિ સુધી પહોંચવા માટે અમારે શું કરવાનું રહે છે? એ વિજય મેળવવાને અમારે કેવો માર્ગ લેવો જોઈએ. એની સાધનાનાં પહેલાં પગથિયાં ક્યાં છે?

આના જવાબમાં આપણે પહેલી વસ્તુ તો એ સ્મરણમાં રાખીએ કે આપણે આપણા પ્રેમની સારીયે ગતિને એકમાત્ર પ્રભુ સાથેના અંગત સંબંધની દિક્ષામાં જ વાળવાનો નિશ્ચય કરેલો છે એટલે અન્ય માણસો સાથેના આપણા સંબંધમાં આપણે એક ખરેખર સાચી, નિરહંકારી, અવિકારી, અને સ્થિર પ્રકારની શુભેચ્છા અને માયાળુતા ધારણ કરીશું. માનવો પ્રત્યેના

આ ભાવના બદલામાં આપણે કોઈ પ્રત્યુત્તરની, કૃતજ્ઞતાની કે તેના સ્વીકાર સરખાની પણ આશા રાખીશું નહિ. તમારી સાથે અન્ય લોકો ભલે ગમે તેવું વર્તન રાખે પણ તમે તમારામાં તિરસ્કારની એક નાનકડી લહેર પણ ઊભી ન થવા દેશો. તમે તો કેવળ પરમાત્મા પ્રત્યેના અમિશ્ર આનંદમાં જ સ્થિર રહેજો. જગતના માણસો તમને સમજતા ન હોય, તમારા તરફ શુભેચ્છા ન રાખતા હોય તેવે પ્રસંગે તમારું રક્ષણ કેવી રીતે કરવું, તમારો બચાવ કેવી રીતે કરવો એનો નિર્ણય તમે માત્ર પ્રભુના હાથમાં જ સોંપી દેજો.

જીવનમાં તમારે જે કાંઈ આનંદ જોઈએ, સુખ જોઈએ તે તમારે કેવળ પ્રભુ પાસેથી જ મેળવવાનાં છે. તમારે કાંઈ સહાય જોઈએ, કોઈ આધાર જોઈએ ત્યારે તે માટે કેવળ પ્રભુની ઉપર જ નજર માંડજો અને તે તમને ત્યાંથી જ મળી રહેશે.

***

આ જગતમાં પ્રભુનો આવિર્ભાવ કરવા માટે અને પૃથ્વીના જીવનમાં રૂપાંતર લાવવા માટે અવતાર લેનારી વિભૂતિઓમાં કેટલીક એવી પણ છે કે જેમના જીવનમાં આ દિવ્ય પ્રેમ વધારે સમૃદ્ધ રૂપે થયેલો છે. કેટલાકમાં તો એનો આવિર્ભાવ એટલા બધા વિશુદ્ધ રૂપે થયેલો છે કે આખી માનવજાતિ પણ તેમને સમજી શકી નથી. તેઓ દિવ્ય પ્રેમને ધારણ કરતા રહે છે તોપણ તેમના પર કઠોર અને નિષ્પ્રેમ હોવાના આરોપ મુકાતા રહે છે. પરંતુ તેમનો પ્રેમ, તેનું બાહ્ય સ્વરૂપ ને આંતરિક તત્ત્વ બંને દિવ્ય હોય છે, માનુષી નહિ. માણસો જ્યારે પ્રેમ વિશે બોલે છે ત્યારે પ્રેમની સાથે લાગણીપ્રધાન ઊર્મિલ નિર્બળતાનું તત્ત્વ પણ જોડી દે છે. પરંતુ માનવજાતિ એ વાત ભાગ્યે જ જાણે છે કે દિવ્ય પ્રેમમાં તો આત્મ-વિસ્મૃતિની પરાકાષ્ઠા આવેલી હોય છે. કશી શરત કે સંકોચ વિના, કશા પણ બદલાની આશા રાખ્યા વિના પોતાની જાતને અશેષપણે ન્યોછાવર કરી દેવાની શક્તિ તેનામાં હોય છે તેની માનવજાતિને ખબર પણ નથી. એ પ્રેમ જ્યારે નિર્બળ ઊર્મિઓથી મુક્ત રહીને પોતાના વિશુદ્ધ સ્વરૂપે પ્રગટ થાય છે ત્યારે માણસોને તે શુષ્ક અને કઠોર લાગે છે. એમાં રહેલા અત્યંત ઉચ્ચ અને તીવ્ર પ્રેમસામર્થ્યને તેઓ પિછાની શકતાં નથી.

***

તમારા ચૈત્યપુરુષને શોધી કાઢો એટલે તમને સમજાશે કે દિવ્ય પ્રેમ શું છે. દિવ્ય પ્રેમ સાથે સીધો સંપર્ક સાધવાનો પ્રયત્ન ન કરશો કારણ કે એ રીતની શોધ કરવાની વૃત્તિ પણ તમને પ્રેરી રહેલી પ્રાણની કામનાને કારણે હશે; તમે એ બાબતે સભાન નહિ હો, પણ એ હશે તો પ્રાણની કામના જ.

**શ્રી માતાજી**

(શ્રી માતૃવાણી ગ્રંથ-૫, પૃષ્ઠ ૩૫૨થી ૩૫૪ ચાર તપસ્યાઓ
અને ચાર મુક્તિ, CWM, Vol-12, PP-69-70, Vol-3, PP 70-71, Vol-4, PP 245-46)

# One day

## The Little More

One day, and all the half-dead is done,
One day, and all the unborn begun;
A little path and the great goal,
A touch that brings the divine whole,

Hill after hill was climbed and now,
Behold, the last tremendous brow
And the great rock that none has trod:
A step and all is sky and God.

**- Sri Aurobindo**

(વર્ષ ૦૭ : અંક ૫)

RNI NO GUJGUJ/2015/60353
RNP/VDR(E)338/2020-21
VALID UP TO 31/12/2023

વાર્ષિક લવાજમ ₹ ૨૦૦ - છૂટક અંક : ₹ ૨૦ (તા. ૧-૦૪-૨૦૨૧ થી)

શ્રી અરવિન્દ સોસાયટી, પોંડિચેરીની માસિક પત્રિકા
છૂટક અંકની કિંમત ₹ ૨૦
વાર્ષિક લવાજમ ભારતમાં ₹ ૨૦૦
વિદેશ માટે-હવાઈ માર્ગે
અમેરિકન ડોલર ૨૫ વાર્ષિક

© શ્રી અરવિન્દ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૬૦૫ ૦૦૨

પ્રકાશક :

શ્રી શરદચંદ્ર એમ. જોશી, અધ્યક્ષ,
શ્રી અરવિન્દ સોસાયટી, શ્રી અરવિન્દ નિવાસ,
દાંડિયા બજાર, વડોદરા-૩૯૦ ૦૦૧
ફોન નં. (૦૨૬૫) ૨૪૧૨૬૮૫
E-mail : sasvadodara@aurosociety.org
વેબસાઈટ : www.auronivas.org

*

મુદ્રણસ્થાન : કૈલાસ પ્રિન્ટરી, ડી-૧૨, સરદાર એસ્ટેટ,
આજવા રોડ, વડોદરા. ફોન નં. ૨૫૧૩૪૭૩ મો.૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

*

તંત્રી : શ્રી કિરીટકુમાર ઇન્દ્રવદન ઠક્કર

Published and Printed by Shri Sharadchandra M. Joshi,
on behalf of Sri Aurobindo Society, Vadodara
Published at Sri Aurobindo Nivas, Dandia Bazar, Vadodara-390001.
Printed at Kailas Printery D/12, Sardar Estate, Ajwa Road, Vadodara.
Editor : Shri Kiritkumar Indravadan Thakkar.